**સુવિચાર**

‘‘આપણાં વડીલોની સંઘર્ષગાથા જો આપણે સાંભળી લઈશું, તો પછી કોઈ મોટીવેશનલ વીડિયો જોવાની આપણને જરૂર નહીં રહે.’’

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૨૬/૧૧/૨૦૨૫, બુધવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803

Postal Reg.No. AMR/217/2024-26

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ

શિવ ફરસાણ (ધારીવાળા)

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર સુદ-૬ વર્ષ : ૧૬ અંક : ૨૯૧


## ૧૫૦૦થી વધુ શ્રમિકોએ એકત્ર થઈને જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ

# અમરેલી જિલ્લાનાં શ્રમિકોએ વળતર ચુકવવા કરી માંગ

**કમોસમી વરસાદથી ખેતીપાકો બરબાદ થતાં ખેત શ્રમિકો કે જે ભાગીયા તરીકે કામ કરતાં હતા તેની મુશ્કેલી વધી**

**સીમ વિસ્તારમાં વસતા સમાજ માટે સ્વચ્છતા અને શૌચાલયની વ્યવસ્થા આપવા પણ માંગ કરી**

**ખેત શ્રમિકો (આદિવાસી) સમાજનાં પ્રમુખ કદમસિંહ ગણાવાએ સમાજ સાથે ભેદભાવ રાખવામાં આવતો હોવાનો કર્યો આક્ષેપ**

**સૌપ્રથમ વખત જિલ્લાનાં મુખ્ય મથક ખાતે મોટી સંખ્યામાં ખેત શ્રમિક એકત્ર થયા**



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં દિવાળી પછી પડેલા કમોસમી વરસાદના કારણે ખેતીને ભારે નુકસાન થયેલ છે. જેને લઈ સરકાર દ્વારા ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કરેલ છે. ત્યારે હવે અતિવૃષ્ટિમાં પાક નિષ્ફળ જતા ખેતરમાં કામ કરતાં ખેતમજૂર (ભાગિયા)ની હાલત પણ કફોડી બનતાં તેઓએ આજે અમરેલી ખાતે એક વિશાળ રેલી યોજી અને તેમને પણ વળતર ચૂકવવાં સહિતની માંગ સાથેનું એક આવેદનપત્ર જિલ્લા કલેકટરને પાઠવેલ છે.

**અનુસંધાન પાના ૬ ઉપર**

### વન્યપ્રાણી સિંહના હુમલાથી શ્રમિકોમાં ભયનો માહોલ

# બગસરાનાં હામાપુર ગામે સિંહે પાંચ વર્ષિય બાળકને ફાડી ખાતા અરેરાટી

**બાળકને ફાડી ખાધાની ઘટના સામે આવતા વનવિભાગમાં દોડધામ**

બગસરા, તા. ૨૫

અમરેલી જિલ્લામાં વધુ એક વખત એક માસુમ બાળકને ફાડી ખાતા શ્રમિક વર્ગમાં ભારે રોષ સાથે ફફડાટ પણ ફેલાયો છે. ત્યારે આવા માનવભક્ષી બનેલા સિંહને પિંજરે પુરવા ચોતરફથી માંગ ઉઠી છે.

આ બનાવમાં બગસરા પંથકમાં છેલ્લા કેટલાંક સમયથી વન્ય પ્રાણીઓના આંટાફેરા હવે સામાન્ય બની ગયા છે. જેમાં ખાસ કરીને હામાપુર નજીક સિંહોનો વસવાટ હોય ત્યારે આજે એક શ્રમિક પરિવારનાં પાંચ વર્ષિય બાળકને સિંહે ફાડી ખાધાની ઘટના સામે આવતા અરેરાટી પ્રસરી જવા પામી છે.

બગસરા તાલુકાના હામાપુર ગામે રમેશભાઈ સોજીત્રાની વાડીએ રહેતા અને ખેતમજૂરી કામ કરતા વિનોદભાઈ ડામોર આજે બપોરના સમયે ખેતરમાં કામ કરતા હતા ત્યારે પાંચ વર્ષિય પુત્ર કનક વાડીમાં જે તેની માતાની નજીક જ રમતો હતો ત્યારે અચાનક એક સિંહ શિકારની શોધમાં ત્યાં ધસી આવ્યો હતો અને આ સિંહે અચાનક જ બાળક પર

**અનુસંધાન પાના ૬ ઉપર**

### વડિયાનાં અમરનગર માર્ગ ઉપરથી ૧૧૦૦ કિલોનો જથ્થો કબ્જે

# લૂંટો ભાઈ લૂંટો : ગરીબોનાં હકક હિસ્સાનાં અનાજનો જથ્થો સગેવગે કરનારની માલવાહક રીક્ષા ઝડપાઈ

**નાણાની આંધળી ભૂખ માટે ગમે તેવા ભ્રષ્ટાચાર થઈ રહ્યા છે**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૨૫

એક તરફ કેન્દ્ર સરકાર દર મહિને દેશનાં ૮૦ કરોડ નાગરિકોને મફતમાં અનાજ આપી રહી છે. એ સાબિત કરે છે કે દેશની અર્ધા કરતાં વધારે જનસંખ્યાને બે ટંકનું ભોજન મળતુ નથી અને નાણાભૂખ્યા અમુક શખ્સો ગરીબોનાં મોં એથી કોળીયો ઝૂંટવી રહ્યા હોવાની અવારનવાર ફરિયાદ સામે આવી

**અનુસંધાન પાના ૬ ઉપર**


**naari HOSPITAL હોસ્પિટલ**

આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે

| | |
|---|---|
| મેડીકલ ઓફીસર (BHMS / BAMS) | દિવસ માટે - ૨ (લેડીઝ) |
| | રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ) |
| નર્સિંગ સ્ટાફ (GNM/ANM) | દિવસ માટે - ૪ (લેડીઝ) |
| | રાત્રી માટે - ૪ (લેડીઝ) |
| નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) | દિવસ માટે - ૨ |
| | રાત્રી માટે - ૨ |

આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું

naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

naarihospitalamreli@gmail.com



**૨૬ નવેમ્બર રાષ્ટ્રીય બંધારણ દિવસ નિમિતે શુભેચ્છાઓ..**

બંધારણ સભાએ ૨૬ નવેમ્બર-૧૯૪૯ના રોજ ભારતનું બંધારણ અપનાવ્યું હતું.

भारतीय संविधान दिन निमित्त सर्व नागरिकांना मंगलमय शुभेच्छा..!



ભારતનું બંધારણ વિશ્વમાં કાનૂન સ્વતંત્રતાનો પાયાનો પથ્થર છે, તે દરેક વ્યક્તિને ૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ ભારતનું બંધારણ દિવસની શુભેચ્છા સહ અભિનંદન..

**શ્રી ચંદ્રશ બી. મહેતા**

સ્પેશ્યલ સરકારી વકીલ અમરેલી જિલ્લા અમરેલી



**૨૬ નવેમ્બર રાષ્ટ્રીય બંધારણ દિવસ નિમિતે શુભેચ્છાઓ..**

બંધારણ સભાએ ૨૬ નવેમ્બર-૧૯૪૯ના રોજ ભારતનું બંધારણ અપનાવ્યું હતું.

भारतीय संविधान दिन निमित्त सर्व नागरिकांना मंगलमय शुभेच्छा..!



ભારતનું બંધારણ વિશ્વમાં કાનૂન સ્વતંત્રતાનો પાયાનો પથ્થર છે, તે દરેક વ્યક્તિને ૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ ભારતનું બંધારણ દિવસની શુભેચ્છા સહ અભિનંદન..

**શ્રી વિકાસ વડેરા**

અધિક જિલ્લા સરકારી વકીલશ્રી ધારી - સા.કુંડલા



**૨૬ નવેમ્બર બંધારણ દિવસની શુભેચ્છાઓ..**

બંધારણ સભાએ ૨૬ નવેમ્બર-૧૯૪૯ના રોજ ભારતનું બંધારણ અપનાવ્યું હતું.

भारतीय संविधान दिन

ભારતનું બંધારણ વિશ્વમાં ભારતીય લોકશાહીની ઓળખ આપ સૌને ભારતનાં બંધારણ દિવસની શુભેચ્છાઓ સહ ભારતીય બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડો.બાબા સાહેબ આંબેડકરને શત્ શત્ નમન...



વંદનકર્તા

શ્રી જીતુભાઈ જોગદીયા

**યશ કન્સ્ટ્રકશન**

અમરેલી

### રાજયનાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયાની રજુઆત બાદ

# અમરેલીની ભાગોળે નાના માચીયાળાથી રાધેશ્યામ ચોકડી સુધી ૧૨ કિમીનો માર્ગ મંજુર

## રાજય સરકારે રૂપિયા ૨૭૦.૬૦ કરોડ મંજુર કર્યા

અમરેલી, તા. ૨૫

અમરેલીના ધારાસભ્ય અને રાજય કક્ષાના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી કૌશિકભાઈ વેકરિયાની રાજય સરકારમાં પરિણામલક્ષી રજૂઆતથી અમરેલી તાલુકામાં રૂ. ૨૭૦.૬૦ કરોડના કન્સ્ટ્રકશન ઓફ ન્યુ બાયપાસ માચિયાળાથી રાધેશ્યામ ચોકડી સુધીના ૧૨ કિ.મી.નો રસ્તો બનાવવા માટે વહીવટી મંજૂરીની મહોર લાગી છે.



અમરેલીના ઉર્જાવાન મંત્રી કૌશિક વેકરિયાએ પોતાના મતવિસ્તારના અમરેલી શહેરની ફરતે રાજય ધોરીમાર્ગ પર બાયપાસ બાંધવાના કામ માટે રૂ. ૨૭૦.૬૦ કરોડના ખર્ચે માચિયાળાથી રાધેશ્યામ ચોકડી સુધીના ૧૨ કિ.મી.ના રસ્તાને તાત્કાલિક ધોરણે મંજૂર થાય એ માટે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ભારપૂર્વક રજૂઆત કરી હતી. જે અન્વયે સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અમરેલી શહેરમાં નવા ચારમાર્ગીય રોડ, એપ્રોચ રોડ વિથ રીટનીંગ વોલ, મેજર બ્રીજ, માઈનોર બ્રીજ, નવું સ્ટ્રકચર, નવું પાઈપ કલ્વર્ટ, યુટીલીટી શીફટીંગ અને અન્ય આનુસંગિક કામગીરી કરવા માટે કાર્યવાહી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

કન્સ્ટ્રકશન ઓફ ન્યુ બાયપાસ માચિયાળાથી રાધેશ્યામ ચોકડી સુધીના રોડને વિકસાવવાનું કામ મંજૂર થતા આગામી સમયમાં વિસ્તારની પ્રજાને પડતી મુશ્કેલીમાંથી મુકિત મળશે, એમ રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ઈન્ટરનેશનલ કો–ઓપ. તથા ICA બોર્ડમાં પ્રતિનિધિત્વ ધરાવતા


# અમરેલીનાં યુવા હર્ષ સંઘાણીની કોલંબોમાં ભારતનાં હાઈકમિશનર સાથે બેઠક યોજાઈ

## ભારત–શ્રીલંકાનાં સંબધો વૈશ્વિક સહકારથી મજબુત બનશે

અમરેલી, તા. ૨૫

હર્ષ મુકેશભાઈ સંઘાણી કોલંબોમાં ભારતના હાઈ કમિશનર સંતોષ ઝા સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ.

બેઠક દરમિયાન યુવા વિકાસ કો–ઓપરેટિવ ક્ષેત્રમાં યુવાનોની ભૂમિકા કો–ઓપરેટિવ મૂવમેન્ટ, મલ્ટીલેટરાલિઝમ, વૈશ્વિક રાજનૈતિક તકો તેમજ યુવાનો માટેની આવનારી આંતરરાષ્ટ્રીય ક્ષિતીઝ સહિતના અનેક મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી. હાઈ કમિશનર સંતોષ ઝાએ તેમના વિરાટ અનુભવ અને ઊંડા જ્ઞાનના આધારે આપેલા માર્ગદર્શનથી ચર્ચા અત્યંત અર્થપૂર્ણ અને માર્ગદર્શક બની.



આ મુલાકાત દરમિયાન ભારતની ફર્સ્ટ સેકેટરી (પોલિટિકલ) નવ્યા સિંગલા પણ ઉપસ્થિત રહ્યા હતા. યુવા, જીવંત અને અત્યંત ક્ષમાશીલ અધિકારી તરીકે તેમનું યોગદાન બેઠકને વિશેષ ગાઢતા અને દ્રષ્ટિ આપતું રહ્યું.

હર્ષ સંઘાણીએ જણાવ્યું કે ભારત–શ્રીલંકા સંબંધો તથા વૈશ્વિક સહકારમાં યુવાનોની ભૂમિકાને મજબૂત બનાવવા માટે આવી ચર્ચાઓ અત્યંત કિંમતી છે. તેઓએ આગલા સમયમાં પણ આવી સફળ અને માર્ગદર્શક મુલાકાતોની અપેક્ષા વ્યક્ત કરી.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ભારતીય ટપાલ ખાતા આયોજિત 'ઢાઈ અક્ષર' પત્રલેખન સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા. ૨૫

શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ભારતીય ટપાલ ખાતું – અમરેલી વિભાગ દ્વારા આ સ્પર્ધા યોજવામાં આવી હતી . જેમાં ૩૦ વિદ્યાર્થીઓએ લેખિત સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધાનો વિષય 'એક પત્ર પોતાના રોલ મોડેલને નામ' હતો. તેમનો હેતુ દેશમાં યુવાનો અને વિદ્યાર્થીઓને રાષ્ટ્રના મહાન સપૂતોના જીવનથી વાકેફ થાય અને તેમના વિશે વિચારીને,વાંચીને જીવનમાં પ્રેરણા અને પ્રોત્સાહન મેળવીને રાષ્ટ્રની પ્રગતિમાં જોડાઈ જાય. આ સ્પર્ધા બે વિભાગમાં યોજવામાં આવે છે , ૧૮ વર્ષથી નીચે તથા ૧૮ વર્ષથી ઉપરના યુવાનો આ સ્પર્ધામાં ભાગ લઈ દેશ પ્રત્યેની ભાવના વ્યક્ત કરે છે. પોતાના રોલ મોડેલના જીવનમાંથી માર્ગદર્શન લઈને જીવનમાં



ઉતરોતર પ્રગતિના પંથે આગળ વધી રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપે તેવા શુભ હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા તથા વિલાસબેન વઘાસીયાએ સંસ્થામાં આ સ્પર્ધા યોજવા બદલ અમરેલી ટપાલ ખાતા અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદનપાઠવ્યા હતા.

## ૬ નવેમ્બર, ''રાષ્ટ્રીય બંધારણ દિવસ''




અમરેલી, તા. ૨૫

દર વર્ષે ૨૬ નવેમ્બરે, ''રાષ્ટ્રીય બંધારણ દિવસ'' ઉજવવામાં આવે છે તે પાછળનું કારણ એમ છે કે ૨૬ નવેમ્બર, ૧૯૪૯નાં રોજ ભારતનું બંધારણ ખરડા સમિતિમાં પસાર કરવામાં આવ્યુ હતું તેથી આ દિવસને રાષ્ટ્રીય કાયદા દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. ભારતીય બંધારણનો ન્યાય, સમાનતા, સ્વતંત્રતા અને સંઘને સુરક્ષિત રાખવા માટે દેશને સ્વતંત્ર સામ્યવાદી, બિનસાંપ્રદાયિક સ્વાયત્ત અને પ્રજાસત્તાક ભારતીય નાગરિક તરીકે રચવા માટે અપનાવવામાં આવ્યો હતો. દુનિયાનું સૌથી મોટુ બંધારણ ભારતનું છે. તે કોઈ પ્રિન્ટ કે ટાઈપ રાઈટર દ્વારા નહીં પણ હાથેથી લખવામાં આવ્યુ હતુ. તેને લખતા ૨ વર્ષ ૧૧ મહિના ૧૮ દિવસ થયા હતાં અને ૨૮૪ લોકો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં. જવાહરલાલ નહેરૂ, ડો. ભીમરાવ આંબેડર, ડો. રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાના અબુલ કલામ આઝાદ આ સભાના પ્રમુખ સભ્યો હતા. બંધારણ વિનું સૌથી લાંબું લખાયેલું સંવિધાન છે. બંધારણ લખનારી સમિતીએ તેને હિંદી, અંગ્રેજીમાં હાથથી લખીને કેલિગ્રાફ કર્યુ હતું. તેમાં કોઈ ટાઈપિંગ કે પ્રિંટિંગ સામેલ ન હતી. આઝાદી મળ્યા પછી એક બંધારણ સભાની રચના કરવામાં આવી હતી. બંધારણ સભાની પ્રથમ બેઠક ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ મળી એ બંધારણ સભામાં કુલ ૩૮૯ સભ્યો હતા ત્યારબાદ ૨૯ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ડ્રાફિટંગ કમિટીની રચના થઈ જેનું નેતૃત્વ ડો. ભીમરાવ આંબેડકર દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણના મુસદ્દાનો સ્વીકાર થયો અને ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ૨૮૪ સભ્યોએ તેમાં હસ્તાક્ષર કર્યા અને અંતે ૨૬ જાન્યુઆરીએ દેશમાં બંધારણ લાગુ કરવામાં આવ્યું. ભારતનું બંધારણ લિખિત અને વિસ્તૃત છે. તેમાં વિવિધ કાયદાઓ અને અધિકારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ન્યાયપાલિકાની સ્વતંત્રતા, યાત્રા, રહેણીકરણી, ભાષણ, ધર્મ, શિક્ષા વગેરેની સ્વતંત્રતા, એક જ રાષ્ટ્રીયતા, રાષ્ટ્રીય સ્તરે જાતિ વ્યવસ્થાની રચના, સમાન નાગરિક સંહિતા અને અધિકૃત ભાષાઓ, કેન્દ્ર ગણરાજય સમાન છે, બુદ્ધ અને બૌધ્ધ અનુષ્ઠાનનો પ્રભાવ, મહિલાઓનાં મતદાન અધિકારને લગતી ઘણી બાબતો દર્શાવાઈ છે. ભારતનાં બંધારણની આટલી સક્ષમતા જોઈને વિભિન્ન દેશોએ ભારતીય સંવિધાનને અપનાવ્યું છે.

**– મિત્તલ ખેતાણી**
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# સાવરકુંડલા : ધાર્વિબેનનાં જન્મદિવસની અનોખી ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધીની પૌત્રી ધાર્વિબેનનો આજે જન્મદિવસ છે.

આમ તો ધાર્વિબેન હવે ત્રણ વર્ષ પૂર્ણ કરીને ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે.

ધાર્વિબેનની વિશિષ્ટ ખાસિયત એ છે કે તેણી ખૂબ ચંચળ અને વાચાળ છે. અને કોઈ પણ બાબત હોય તે સંદર્ભે બારીકાઈથી નિરીક્ષણ કરીને જ પ્રત્યુત્તરપાઠવે છે. તેના દાદીમા ચંદ્રિકાબેનની લાડલી (આંખોં કા નૂર) આ જન્મદિવસે તેના પપ્પા પ્રિયંકભાઈ મમ્મી રશ્મિતાબેન, ફઈબા ડીમ્પલબેન ફુવા જતીનભાઈ ધાર્વિબેનની લાડલી જૈનીબેન નાના પ્રવિણભાઈ, નાની ગીતાબેન, મયૂર મામા, વિશાલ મામા અને કેવાંશી મામી દ્વારા જન્મદિવસ નિમિત્તે ખોબલે ખોબલે શુભકામના સહ વહાલનો કરંડિયો મોકલેલ છે.

તેણીના જન્મદિવસ નિમિત્તે અઢળક શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે.

વિશીંગ યુ મેની હેપ્પી રિટર્ન ઓફ ધ ડે, ધાર્વિ.

### નિષ્ઠુર બનેલ અજાણી વ્યકિત પર ફિટકાર

# ધારીનાં દલખાણીયામાં ૯ માસ પહેલા મળી આવેલ ધૂલકા ફુલ અંગે ગુન્હો નોંધાયો

## જન્મ લેતી વખતે નવજાત શિશુનુ મૃત્યુ થયેલ

અમરેલી, તા. ૨૫

બાળક તો ભગવાનની દેન કહેવાય છે. જે લોકોને સંતાન થતાં ન હોય તેવા દંપતી શેર માટીની ખોટ પુરવા માટે થઈને અનેક આસ્થાઓ અને માનતાઓ રાખે છે. ત્યારે કોઈ અજાણ્યા ઈસમ પોતાની ભુલ છુપાવવા માટે થઈ આ ભગવાનની દેન ગણાતાં બાળકને ધૂલકા ફુલ બનાવી ત્યજી દેતાં હોય છે. આવા નિષ્ઠુર લોકો માટે સમાજમાં ફિટકાર વરસે છે. ત્યારે આવો એક બનાવ ધારી તાલુકાના દલખાણીયા ગામે આશરે નવેક માસ પહેલા બન્યો હતો. આ બનાવ અંગે હવે ધારી પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ બનાવમાં ધારી તાલુકાના દલખાણીયા ગામે ચડીયાતા તરીકે ઓળખાતા ત્રણ રસ્તા ઉપર ગત તા. ૧૪/૨ના રોજ સાંજે ૬ વાગ્યે કોઈ અજાણ્યા આરોપી એક અજાણ્યા નવજાત શીશુની ઈરાદાપૂર્વક ઓળખ છુપાવવા સારૂ આ નવજાત શીશુના જન્મ પહેલા કે, જન્મથી વેળાએ મૃત્યુ પામેલા બાળકનો મૃતદેહનો છુપી રીતે નિકાલ કરેલ હોય આ અંગે દલખાણીયા ગામે રહેતાં વિશાલભાઈ નાનજીભાઈ રાનેરાએ કોઈ અજાણ્યા ઈસમ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### એસ.ટી.નાં ઉચ્ચ અધિકારીઓ ધ્યાન આપે

# ધારી–દામનગર–ભાવનગર રૂટની એસ.ટી. બસ અચાનક બંધ કરી દેવાઈ

## ડ્રાઈવર, કંડકટરની ખાલી જગ્યા ભરવા માંગ

અમરેલી, તા. ૨૫

દામનગર શહેરનાં અને આજુબાજુના અનેક ગામનાં લોકોને એસ. ટી. તંત્ર દ્વારા મુસાફરી માટે લાંબા રૂટની બસ ફાળવવા માટે રજુઆત થતી રહે છે. અગાઉ લોકો માટે આશીર્વાદરૂપ સવારની ધારી– ભાવનગર, અમરેલી–પાલીતાણા, બાબરા–કુતાણા, બગસરા– ભાવનગર, સાંજની અમરેલી– ભાવનગર, વાયા દામનગર અને સહિતની બસો ચલાવાતી હતી. તે તમામ બસ લગભગ પાંચથી દસ વર્ષથી બંધ કરાયેલ છે. અને હમણાંથી એટલે કે થોડાક દિવસથી ધારી ડેપોની દામનગર સવારે દસ વાગે આવતી ધારી–ભાવનગર લોકલ બસ ને બંધ કરી દેવાતા ત્રણ જિલ્લાના અમરેલી– બોટાદ અને ભાવનગર જિલ્લાના ગામડાઓના લોકો માટે અવર – જવર માટે આશીર્વાદરૂપ આ બસ છાશવારે બંધ કરી દેવાય છે. સ્ટાફની ઘટ હોવાનું કહેવાતું હોય છે પરંતુ જનતા માટે ચલાવાતી માંગ મુજબ અને અન્ય જિલ્લાઓના શહેરો ગામ અને મુખ્ય મથકો સુધી પહોંચવા માટે સરકાર દ્વારા ડ્રાઈવર–કંડકટરની જરૂરિયાત મુજબ ભરતી કરવામાં આવે તે માટે જનતાનાં પ્રતિનિધિઓ યોગ્ય રજુઆત કરી મુસાફરોને ન્યાય મળે જેથી એસ.ટી. તંત્રને સારી આવક થઈ શકશે. અને જનતા માટે આશીર્વાદરૂપ બની રહેશે. તેમ અતુલ શુકલે વિચાર વ્યક્ત કરેલ છે.

### જાગૃત નાગરિક હસમુખ પટેલનો વેધક પ્રશ્ન

# અમરેલીનાં ''વિદ્યાવિહાર'' શૈક્ષણિક સંકલનું નામ બદલી નખાતા રજુઆત

## જિલ્લા વિદ્યાસભાનાં ટ્રસ્ટીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૫

અમરેલીનાં કેળવણીકાર અને જાગૃત નાગરિક હસમુખ પટેલ જિલ્લા વિદ્યાસભાનાં ટ્રસ્ટી મનસુખભાઈ ધાનાણીને એક પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જીલ્લા વિદ્યાસભા ટ્રસ્ટ કેમ્પસ ડાયરેકટર તરીકે ૨૦૦૯ થી ૧૪ વર્ષ ફરજ બજાવી. સંસ્થાનો મોટાભાગનો વિકાસ મારા કાર્યકાળમાં સંમ્પન્ન થયો હતો. લાબાં સમય સુધી કામગીરી કરેલ હોઈ ત્યારે હાલમાં સંસ્થાનું કેમ્પસનું નામ 'વિધાવિહાર' હતું. જે ડો. જીવરાજ મહેતાના વખતથી હતું. જે આપ સારી રીતે જાણો છો. વધુમાં વિધાસભા સ્કુલ–હોસ્ટેલ–કોલેજ આવું નામકરણ લખેલ હતું. પણ હાલમાં ' વિધાવિહાર' કે વિધાસભા કેમ્પસના બદલે શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ આવું નામ લખવામાં આવ્યું છે. આ બાબતે સંસ્થાનો હું પૂર્વ કર્મચારી હોય લોકો મને સવાલ કરે છે. ડો.જીવરાજ મહેતાએ આપેલ નામકરણ કેમ બદલી નાખ્યું ? જોકે આ બાબતે મે ટ્રસ્ટના . પી.ટી.આર(પીટીઆર)માં નોંધાયેલ મૂળ ટ્રસ્ટીઓ માંના બે ટ્રસ્ટીઓને પુછયું કે આવો નામકરણ બદલવાનો કોઈ ઠરાવ થયો ? તો તેઓએ જવાબમાં જણાવેલ કે આવું કાંઈ થયું નથી. ત્યારબાદ સંસ્થાના હાલના બે–ત્રણ કર્મચારીને પુછયું, પી . ટી . આર (પીટીઆર)માં નથી તેવા મંત્રીને પુછયું પણ તમામનો જવાબ એક જ હતો કે આવી કોઈ પ્રક્રિયા થઈ નથી.

ઉપરાંત મિડીયા જગતના સારા પત્રકારો પણ સવાલ કરે છે કે વિધાસભા ટ્રસ્ટમાં ગજેરા ટ્રસ્ટનો લોગો કઈ રીતે લગાવ્યો? લગાવ્યોતો ખરા પણ વિધાસભાનો લોગો સીમ્પલ અને ગજેરાનો 'ગ' વાળો લોગો લાઈટીંગ વાળો? આવો ભેદભાવ શા માટે ? આવા અનેક સવાલોના મારી પાસે જવાબ નથી. તો આપ આ બાબતે યોગ્ય પ્રકાશ પાડશો.

વધુમાં હું જયાં સુધી સમજુ છું, જાણુ છું. ત્યાં સુધી કેમ્પસનું નામકરણ માત્રને માત્ર વસંતભાઈની એકની જ ઈચ્છાથી ફેરવી નાખ્યું છે. અને તેમાં કોઈ કાયદાકીય કે બંધારણીય સીમાઓનું ધ્યાન રાખ્યું નથી. વસંતભાઈના અગાઉના અઢિ કરોડના દાનને બધી સ્કુલોના નામકરણ માટે ૨૫ લાખ લેખે ૧ સ્કુલ એમ ગણતરી કરવામાં આવી હતી. એટલે તે ફંડને જેતે વખતે ઓનપેપર ઉપયોગ કરી લીધેલ હતો. ત્યારબાદ એન્જિનયરીંગ અને નર્સીંગ કોલેજના નામકરણની રકમ ૧–૧ કરોડ નકકી કરવાની મૌખિક ચર્ચા ટ્રસ્ટની મીટીંગમાં થયેલ પણ કેમ્પસના નામકરણની રકમ નકકી કરેલ નથી. એવું મને ખ્યાલ છે. જે હોય તે પણ આ અંગે યોગ્ય જાહેરાત થઈ જાય તે જરૂરી છે.

વધુમાંથી મારા અભ્યાસ અને જાણકારી પ્રમાણે વિધાસભા ટ્રસ્ટને અને ગજેરા ટ્રસ્ટને લિગલી કોઈ લેવાદેવા નથી. બંન્ને ટ્રસ્ટ અલગ છે. તેમ છતાં ગજેરા ટ્રસ્ટનો લોગો 'ગ' વિધાસભા ટ્રસ્ટમાં વાપરવો તે કાયદાકીય અને બંધારણીય રીતે મેળ બેસતું નથી. જોકે આપ આ બાબતે સારૂં જ્ઞાન ધરાવો છો. તો આ અંગે પણ યોગ્ય ખુલાસો થઈ જાય તો મિડીયા જગત અને લોકોને વાસ્તવિકતાની જાણ થઈ જાય.

તમે જાણો છે કે સંસ્થાના પ્રમુખને પોતાના નામની જાહેરાતો થાય એમાં ખુબ રસ છે. પણ આ બધું થઈ રહયું છે. તેને તમે વ્યકિતગત પસંદ કરતા નથી. એ હું જાણું છું. એટલે જ આ પત્ર લખી રહયો છું. તમે સત્યની સાથે હોય તો આ બાબતે સત્ય જણાવવા અંતમાં જણાવેલ છે.

# અમરેલી : પદ્મશ્રી દુલા કાગની ૧૨૨મી જન્મ જયંતી નિમિત્તે કાગ વંદના કાર્યક્રમ યોજાયો









અમરેલી જિલ્લા લોક સાહિત્ય સેતુદ્વારા સરસ્વતી વિદ્યા મંદિર જેસીંગપરા ખાતે લોક સાહિત્ય સેતુના સ્થાપક પ્રમુખ કવિ મહેન્દ્રભાઈ જોશીના અધ્યક્ષસ્થાને પદ્મશ્રી ભકિત કવિ દુલાભાયા કાગના ૧૨૨માં જન્મજયંતી નિમિત્તે કાગ વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવેલ. જેનું દીપ પ્રાગટય સંસ્થાના પ્રમુખ ઈતેશભાઈ મહેતાના હસ્તે કરવામાં આવેલ. સરસ્વતી વિદ્યામંદિરની બાળાઓએ સ્વાગત નૃત્ય રજુ કરેલ મહેન્દ્રભાઈ જોષી તેમજ લોક સાહિત્યકાર રમેશભાઈ જાદવ અને બાબુભાઈ ભુટકે કવિ દુલાભાયા કાગની રચનાઓ રજુ કરેલ હતી. સરસ્વતી વિદ્યા મંદિરના નિયામક પ્રવીણભાઈ કથીરીયાએ કાગ બાપુની જાણીથી રચનાથી સૌને આવકાર્યા પ્રતાપસિંહ રાઠોડ કરણભાઈ વાજા, શાળાના સ્ટાફગણ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ સમગ્ર કાર્યક્રમનો આગવી શૈલીથી સંચાલન પ્રકાશભાઈ શુકલાએ કરેલ અને આભાર વિધિ શાળાના આચાર્ય પૂજાબેન ડોબરીયાએ કરેલ.

# રૂપિયા સામે ડોલર સૌથી ઊંચા સ્તરે પહોંચી જતા
# આગામી દિવસોમાં મોંઘવારીનો બોંબ ફુટવાની સંભાવના

## દેશમાંથી નિકાસ કરનાર ઉધોગોને ફાયદો અને આયાત કરનારને મોંઘવારી ભીડવશે

નવી દિલ્હી, તા. ૨૪

સોમવારે ભારતીય ચલણ ડોલર સામે ૮૯.૭૩ ના નવા રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યું. જોકે, બાદમાં રૂપિયા ૪૬ પૈસા મજબુત થઈને ૮૯.૨૦ પર બંધ થયો. નિષ્ણાંતો કહે છે કે ડોલર સામે રૂપિયો ૯૦ની નીચે સરકી શકે છે. રૂપિયાના ઘટાડાથી તમારા ખિસ્સા અને દૈનિક ખર્ચ પર સીધી અસર પડી શકે છે. ડોલરના મૂલ્યમાં વધારો પેટ્રોલ અને ડીઝલથી લઈને મોબાઈલ ફોન, ટેલિવિઝન, રેફ્રિજરેટર, કાર, દવાઓ અને હવાઈ મુસાફરી સુધીની ઘણી વસ્તુઓની કિંમતમાં વધારો કરી શકે છે. જોકે, આઈટી અને ફાર્માસ્યુટિકલ કંપનીઓને ફાયદો થઈ શકે છે જેની કમાણીમાં વધારો થવાની ધારણા છે.

નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે એક વર્ષમાં રૂપિયો ૬.૩૪% ઘટયો છે. જો ભારતીય ચલણમાં ઘટાડો ચાલુ રહે તો ભારત જેના માટે કાચા માલ માટે આયાત પર આધાર રાખે છે તે તમામ ઉત્પાદનો વધુ મોંઘા થઈ શકે છે. આનાથી ખાધ તેલ અને કઠોળ જેવી વસ્તુઓની કિંમતમાં વધારો થઈ શકે છે. કારણ કે તે પણ આયાત આધારિત છે. આનાથી જીએસટી ઘટાડાના ફાયદમાં ઘટાડો થવાની શકયતા વધી જાય છે. નિષ્ણાંતો માને છે કે જો ક્રુડ ઓઈલના ભાવ સ્થિર રહે, ડોલર થોડો નરમ પડે અને વિદેશી રોકાણકાર ધ્વારા વેચાણ બંધ થાય તો આગામી ત્રણથી ચાર કવાર્ટરમાં રૂપિયો સ્થિર શ્રેણી જાળવી શકે છે. ભારત-અમેરિકા વેપાર કરાર પણ રૂપિયાને નોંધપાત્ર ટેકો આપી શકે છે.

## છેલ્લા ૧૧ વર્ષમાં ડોલર સામે રૂપિયો ૩૦ ટકા જેટલો ડાઉન થયો

ભારત પેટ્રોલિયમ ઉત્પાદનો, ખાતરો, દવાઓ અને ઈલેકટ્રોનિકસ માટેના કાચા માલ માટે આયાત પર આધાર રાખે છે. જયારે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો નિકાસકારોને ફાયદો કરાવે છે ત્યારે ભારતમાંથી નિકાસ થતી મોટાભાગની વસ્તુઓ માટે કાચા માલ આયાત કરવામાં આવે છે. તેથી કાચા માલના ખર્ચથી નિકાસકારોને ફાયદો થશે નહીં.

પેટ્રોલ અને ડીઝલના ભાવ વધુ મોંઘા થવાનું જોખમ છે, જેની અસર દરેક વસ્તુના પરિવહન ખર્ચ પર પડશે.

## પેટ્રોલ-ડીઝલનાં ભાવો વધશે તો દરેક ચીજ વસ્તુઓ પણ મોંઘીદાટ થશે

મોબાઈલ ફોન અને ટીવી સહિત તમામ ઈલેકટ્રોનિકસ જેમાં ઓટો પાર્ટસનો સમાવેશ થાય છે, તે આયાત કરવામાં આવે છે. રૂપિયાની નબળાઈ કંપનીઓના ખર્ચમાં વધારો કરશે જેનાથી આ ઉત્પાદનો વધુ મોંઘા થશે.

દવાઓ અને તબીબી ઉપકરણો પણ વધુ મોંઘા થઈ શકે છે. ફાર્માસ્યુટિકલ કંપનીઓ ઘણા રસાયણો અને સક્રિય ઘટકોની આયાત કરે છે.

જો આના કારણે ફુગાવો વધે છે તો આરબીઆઈ વ્યાજ દરમાં વધારો કરી શકે છે. આનાથી હોમ લોન, પર્સનલ લોન અને કાર લોન વધુ મોંઘી થશે.

વિદેશથી આવક મેળવતી કંપનીઓને ફાયદો થશે. નબળા રૂપિયાથી આઈટી, ફાર્માસ્યુટિકલ્સ, કાપ, વિશેષ રસાયણો, રત્નો અને ઝવેરાત અને ઓટો સહાયક ક્ષેત્રોને ફાયદો થઈ શકે છે.

વધતા આયાત ખર્ચથી ખર્ચ વધશે. આનાથી ઉડયન, તેલ માર્કેટિંગ કંપનીઓ, ગ્રાહક ટકાઉ વસ્તુઓ, ઈલેકટ્રોનિકસ, આયાત-ભારે ઓટો, પાવર કંપનીઓ અને મૂડી માલ કંપનીઓને નુકસાન થશે.

આઈટી કંપનીઓની ૭૦-૯૦% આવક યુએસ અને યુરોપથી ડોલરમાં આવે છે જયારે તેમના કર્મચારીઓને રૂપિયામાં ચુકવણી કરવામાં આવે છે. તેથી, જયારે રૂપિયો નબળો પડે છે ત્યારે આ કંપનીઓનો નફો વધે છે.

## દેશનાં કરોડો નાગરિકો દેવાદાર બની રહ્યા હોય આગામી દિવસોમાં વધશે પરેશાની

યુએસ ફાર્માસ્યુટિકલ (ફાર્માસ્યુટિકલ) કંપનીઓ માટે પણ એક મુખ્ય બજાર છે તેથી તેમેને નબળા રૂપિયાનો પણ ફાયદો થાય છે. કાપડ જેવા કેટલાક અન્ય નિકાસ ક્ષેત્રો પર અસર હકારાત્મક અથવા નકારામ્તક હોઈ શકે છે.

## સાવરકુંડલા ખાતે વિનામૂલ્યે સેનિટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા શહેરમા મણીભાઈ ચોક પાસે આવેલ બ્રાન્ચ શાળા નંબર બે કન્યા શાળામાં શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન તરફથી ડોક્ટર દર્શનાબેન તેમજ તેમના સ્ટાફમાંથી રાહુલભાઈ અનુભાઈ પધારેલા અને શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના પન્ના નાયક તેમજ નટવર ગાંધી દ્વારા ફ્રી પેડ વિતરણ પ્રોજેક્ટ અંતર્ગત અમારા શાળાની ધોરણ છ થી આઠમાંથી ધોરણ સાત અને આઠની હાજર ૧૩૦ બાળાઓને પેડ વિતરણ કરેલ, તેમજ હાયજનિક અને સ્વચ્છતા તેમજ સ્વચ્છ ખોરાક પ્રોટીનયુક્ત ખોરાકની માહિતી ડિજિટલ ટીવી અંતર્ગત આપેલ હતી તો શાળા પરિવાર એસએમસી અને આચાર્ય તરફથી શાળા વતી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંસ્થાનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવ્યો.

## ડાયમંડ એસોસીએશનનાં પ્રમુખે અધિક્ષકને પત્ર પાઠવ્યો
# લીલીયા મોટામાં વીજ બિલ કલેકશનનાં સમયમાં ફેરફાર કરવા રજુઆત કરાઈ
### વીજ ગ્રાહકોને અનુકૂળ સમય રાખવા માંગ

લીલીયા, તા. ૨૫

લીલીયા મોટા તાલુકા ડાયમંડ એસો.નાં પ્રમુખ ભુપતભાઈ ધામતે પીજીવીસીએલનાં અધિકારીને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, લીલીયા મોટા ગામેથી લાઈટબીલ ભરવાની ઓફિસ આશરે બે કિલોમીટર દુર છે. લીલીયામાં હિરાના કારખાનાનાં બીલ ભરવા જાય તો સમય નકકી મુજબ નથી. ખેડૂત ગામડામાંથી બીલ ભરવા આવે તો તેને પણ મુશ્કેલી પડે છે. બીલ ભરવા જાય તો તેમને એવું કહેવામાં આવે છે. ૧૦:૩૦ પછી આવો પછી બપોર પછી ૨:૩૦ પછી આવો નકકી નથી કરી શકતા, કયારે બીલ ભરવા જવું લીલીયા તાલુકાની જનતાને સવારે બીલ લેવાનો સમય સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી થાય તો મુશ્કેલી ઓછી પડે આખા તાલુકા મથકનું બીલ લીલીયામાં લેવામાં આવે તો જ હિરાના કારખાનાનાં ગામડાના તમામ ખેડૂતો બધાને મુશ્કેલી ઓછી પડે તેમ અતમાં જણાવેલ છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(૧) વોશીંગ બોય..............૦૩
(૨) હેલ્પર..............૦૩
(૨) મિકેનિક..............૦૩
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી, Mo. 8200500295, 8000230447
રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
THANK YOU, GST!
FZS-Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શુધ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન ઇ-સ્ટેમ્પ
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45

MARUTI SUZUKI ARENA
BREZZA WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

જોઈએ છે:
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર.........૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૭૪૯૯૬ ૫૨૧૦૪

Hero
A SMART FAMILY-FRIENDLY SCOOTER POWERED FOR A SMOOTH AND EFFICIENT RIDE.
ENGINE | TORQUE | KERB WEIGHT | BRAKES
DESTINI
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

### રામમંદિરના સ્વર્ણ શિખર પર ધર્મ ધ્વજા ફરકાવવામાં આવી

# પીએમ મોદીએ અભિજીત મૂહૂર્તમાં રામમંદિરના શિખર પર ધર્મ ધ્વજા ફરકાવી

### આ પ્રસંગે પીએમ મોદીની સાથે સીએમ યોગી તથા મોહન ભાગવત ઉપસ્થિત રહ્યા હતા



અયોધ્યા,તા.૨૫

પીએમ મોદીએ અભિજીત મૂહૂર્તમાં રામમંદિરના શિખર પર ધર્મ ધ્વજા ફરકાવી. આ ઐતિહાસિક અને અલૌકિક પળનો આખો દેશ સાક્ષી બન્યો છે. આ ખાસ કાર્યક્રમ પ્રસંગે પીએમ મોદી સાથે યુપીના રાજ્યપાલ આનંદીબહેન પટેલ, યુપી સીએમ યોગી આદિત્યનાથ અને આરએસએસ સુપ્રિમો મોહન ભાગવત ઉપસ્થિત રહ્યા હતા.આ ધર્મધ્વજ ફક્ત એક ધ્વજ નથી. તે ભારતીય સભ્યતાના પુનર્જીવનનો ધ્વજ છે. ભગવો રંગ, સૂર્યવંશનું ચિહ્ન, 'ઓમ' શબ્દ અને કોવિદાર વૃક્ષ રામ રાજ્યના મહિમાનું પ્રતિક છે. આ ધ્વજ એક સંકલ્પ છે, એક સફળતા છે, સર્જન માટે સંઘર્ષની વાર્તા છે, ૧૦૦ વર્ષના સંઘર્ષનું ભૌતિક સ્વરૂપ છે... આવનારી હજારો સદીઓ સુધી, આ ધ્વજ ભગવાન રામના મૂલ્યોનો પ્રચાર કરશે. સત્ય એ ધર્મ છે. કોઈ ભેદભાવ કે દુઃખ ન હોવું જોઈએ, અને શાંતિ અને સુખ હોવું જોઈએ..કોઈ ગરીબી ન હોવી જોઈએ, અને કોઈ લાચાર ન હોવું જોઈએ..."આજે એ યજ્ઞની પૂર્ણાહૂતિ છે જેની અગ્નિ ૫૦૦ વર્ષ સુધી પ્રજવલિત રહી. જે યજ્ઞ એક પળ પણ આસ્થાથી ડગમગ્યો નહીં.એક પળ પણ વિશ્વાસથી તૂટ્યો નહીં. આજે ભગવાન શ્રીરામના ગર્ભગૃહની અનંત ઊર્જા, રામ દરબારનો અનંત પ્રતાપ રૂપે આજે ધર્મધ્વજ પ્રતિસ્થાપિત થયો છે. આ ધર્મધ્વજા માત્ર ધ્વજા નથી ભારતીય સભ્યતાના પુર્ન જાગરણનો ધ્વજ છે. દરેક રામ ભક્તના હૃદયમાં અસાધારણ સંતોષ છે. અનંત કૃતજ્ઞતા છે. અનંત અલૌકિક આનંદ છે. સદીઓના ઘા રૂઝાઈ રહ્યા છે. સદીઓના દુઃખ આજે શાંત થઈ રહ્યા છે. સદીઓનો સંકલ્પ આજે સફળ થઈ રહ્યો છે. આજે તે બલિદાનની પૂર્ણાહુતિ છે જેની અગ્નિ ૫૦૦ વર્ષ સુધી પ્રજવલિત રહી.ભગવાન રામની ઉર્જા આ ધર્મ ધ્વજના રૂપમાં ભવ્ય રામ મંદિરના શિખર પર સમાધિ પામેલી છે."આજે, આખું ભારત અને વિશ્વ રામથી ભરેલું છે. દરેક રામ ભકતના હૃદયમાં અસાધારણ સંતોષ છે. અનંત કૃતજ્ઞતા છે. અગમ્ય અલૌકિક આનંદ છે. સદીઓના ઘા રૂઝાઈ રહ્યા છે. સદીઓના દુઃખ આજે શાંત થઈ રહ્યા છે. સદીઓનો સંકલ્પ આજે પૂર્ણ થઈ રહ્યો છે. આજે તે બલિદાનની પૂર્ણાહુતિ છે જેની અગ્નિ ૫૦૦ વર્ષ સુધી પ્રજ્વલિત રહી.ધર્મધ્વજ ફરકાવ્યા બાદ કાર્યક્રમ સ્થળ પર હાજર જનમેદનની સંબોધન કર્યુ હતું. જેમાં સૌ પ્રથમ યોગી આદિત્યનાથ અને ત્યારબાદ મોહન ભાગવતે સંબોધન કર્યું. સીએમ યોગીએ કહ્યું કે એક નવા યુગનો શુભારંભ થયો છે. આ ભવ્ય મંદિર ૧.૪ અબજ ભારતીયોની શ્રદ્ધાનું પ્રતીક છે. તેમણે કહ્યું કે રામ મંદિર પર લહેરાતો ભગવો ધ્વજ ધર્મ અને ભારતના દ્રષ્ટિકોણનું પણ પ્રતીક છે. દૃઢ નિશ્ચયનો કોઈ વિકલ્પ નથી. યોગી આદિત્યનાથે "આપણે લાઠી-ગોળીઓનો સામનો કરીશું, પણ ત્યાં મંદિર બનાવીશું" ના સૂત્રનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભગવાન રામનું પવિત્ર શહેર એક નવા યુગમાં પ્રવેશ્યું છે. આજે અયોધ્યામાં દરેક પ્રકારની સુવિધા ઉપલબ્ધ છે. તેમણે અયોધ્યામાં થયેલા વિકાસ કાર્યોની પણ યાદી આપી અને "જય જય શ્રી રામ" ના સૂત્ર સાથે પોતાનું ભાષણ સમાપ્ત કર્યું.તો સંઘ પ્રમુખે કહ્યું કે રામમંદિર માટે લોકોએ બલિદાન આપ્યું. આજે અશોકજીને શાંતિ મળી હશે. આજે રામમંદિરની શાસ્ત્રીય પ્રક્રિયા પૂર્ણ થઈ. કરોડો લોકોની આસ્થા સાકાર થઈ છે. રામ રાજ્યનો 'ધ્વજ', જે એક સમયે અયોધ્યામાં ઊંચે ઉડતો હતો અને વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિ ફેલાવતો હતો, તે હવે તેના 'શિખર' પર બેઠો છે અને અમે આ બનતા જોયા છે. 'ધ્વજ' એક પ્રતીક છે. મંદિર બનાવવામાં સમય લાગ્યો. જો તમે ૫૦૦ વર્ષ બાજુ પર રાખો તો પણ ૩૦ વર્ષ લાગ્યા.

### હજારો કિમી સુધી ફેલાઈ રાખ અને ગેસ

# ઈથિયોપિયાના જ્વાળામુખીના કારણે વિશ્વમાં થશે હિમયુગની શરૂઆત?

### જ્વાળામુખીમાંથી નીકળેલા રાખ અને વાયુઓનું જાડું સ્તર ધરતી અને આકાશ વચ્ચે આવતાં તાપમાન નીચે જવા લાગે છે અને ઘણી વખત બેમોસમી ઠંડી પણ પડવા લાગે છે

ઈથિયોપિયા,તા.૨૫

ઈથિયોપિયામાં લગભગ ૧૦ હજાર વર્ષના લાંબા ગાળા પછી હાયલી ગુબ્બી જ્વાળામુખી ફાટતાં વૈશ્વિક સ્તરે તેની અસર જોવા મળી રહી છે. આ વિસ્ફોટમાંથી નીકળેલી રાખ અને ઝેરી વાયુઓ હજારો કિલોમીટર દૂર સુધી પહોંચી ગઈ છે, જેના કારણે ભારત સહિત અનેક દેશોમાં હવાઈ ઉડ્ડયન પ્રભાવિત થયું છે. આ ઘટનાએ એક મોટી ચર્ચા જગાવી છે કે, જ્યારે એક સામાન્ય જ્વાળામુખીની અસર આટલી વ્યાપક હોય, તો સુપર વૉલ્કેનિક ઈરપ્શન (મહાજ્વાળામુખી વિસ્ફોટ)ની સ્થિતિમાં દુનિયા પર શું અસર થઈ શકે? જ્વાળામુખીમાંથી નીકળેલા રાખ અને વાયુઓનું જાડું સ્તર ધરતી અને આકાશ વચ્ચે આવતાં તાપમાન નીચે જવા લાગે છે અને ઘણી વખત બેમોસમી ઠંડી પણ પડવા લાગે છે.જ્વાળામુખીના ઈતિહાસમાં લગભગ બે સદી પહેલાં બનેલી એક ઘટનાને આજે પણ સૌથી રહસ્યમયી ગણવામાં આવે છે. ૧૯મી સદીની શરૂઆતથી ઘણા વર્ષો સુધી ઈન્ડોનેશિયાના માઉન્ટ ટેમ્બોરામાં સતત થયેલા વિસ્ફોટોને 'મિસ્ટ્રી ઈરપ્શન' (રહસ્યમય વિસ્ફોટ) નામ આપવામાં આવ્યું છે, કારણ કે આ ધમાકાઓ વિશે વૈજ્ઞાનિક રેકોર્ડ, પ્રત્યક્ષદર્શીઓના અહેવાલો અને સ્થાનિક દસ્તાવેજો અત્યંત મર્યાદિત છે.તે સમયે ટેક્નૉલોજીનો ઓછો વિકાસ હોવાથી ઘટનાની ગંભીરતા પૂરેપૂરી સમજી શકાઈ નહોતી. ટેમ્બોરામાં સતત વિસ્ફોટ થવાથી હવામાં રાખ અને સલ્ફેટ એરોસોલનો જંગી જથ્થો જમા થઈ ગયો, જેના પરિણામે સૂર્યનાં કિરણો પૃથ્વી સુધી પહોંચી શક્યાં નહીં. આના કારણે વૈશ્વિક તાપમાનમાં નજીવો નહીં, પરંતુ પૂરા ૧.૭ ડીગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો હતો, જે ખૂબ જ મોટી અસર હતી.આ ઘટાડાની અસર સમગ્ર વિશ્વમાં દેખાઈ: યુરોપ અને ઉત્તર અમેરિકામાં આખા એક વર્ષ સુધી ગરમી આવી જ નહીં, ભારે હિમવર્ષા થઈ અને પાકનો લગભગ નાશ થયો. એશિયામાં પણ ચોમાસાની પેટર્ન ખોરવાઈ જતાં અનાજનું ગંભીર સંકટ છવાઈ ગયું હતું.વર્ષ ૧૮૮૩માં ઈન્ડોનેશિયામાં થયેલો ક્રાકાટોઆ જ્વાળામુખીનો વિસ્ફોટ પણ ટેમ્બોરા જેવી જ વિનાશક અસર ધરાવતો હતો. આ ધમાકો એટલો જબરદસ્ત હતો કે તેનો અવાજ સેંકડો કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. વિસ્ફોટ દરમિયાન જ્વાળામુખીમાંથી રાખ, ધૂળ અને સલ્ફેટ વાયુઓની ભારે માત્રા નીકળીને સમગ્ર વાતાવરણમાં ફેલાઈ ગઈ હતી. આના કારણે ચારે બાજુ એક પ્રકારનું ઝાંખું અને ચમકતું પડ રચાયું હતું.આ પડ સૂર્યના પ્રકાશને સીધો ધરતી સુધી પહોંચતા રોકવા લાગ્યું, જેના પરિણામે તે સમયે વૈશ્વિક તાપમાનમાં લગભગ ૧.૨ ડીગ્રી સેલ્સિયસ જેટલો નોંધપાત્ર ઘટાડો આવ્યો હતો. આ ઘટનાએ વૈજ્ઞાનિકોને જ્વાળામુખીની વૈશ્વિક આબોહવા પર થતી અસર સમજવામાં મદદ કરી.સામાન્ય રીતે એવું લાગે કે જ્વાળામુખી વિસ્ફોટથી ધરતીનું તાપમાન વધવું જોઈએ, પરંતુ તેનાથી વિપરીત અસર થાય છે અને પૃથ્વીનું તાપમાન ઘટે છે. આ ઘટના પાછળ એક રસપ્રદ વૈજ્ઞાનિક પ્રક્રિયા કામ કરે છે.ખરેખર, વિસ્ફોટ દરમિયાન ભારે માત્રામાં રાખ, ધૂળ અને વિવિધ વાયુઓ ઉપલા વાતાવરણ, એટલે કે સ્ટ્રેટોસ્ફિયર સુધી પહોંચે છે. સ્ટ્રેટોસ્ફિયરમાં આ કણો એક જાડું પડ તૈયાર કરે છે, જે કુદરતી છત્રી (અમ્બ્રેલા)ની જેમ કામ કરે છે. સૂર્યમાંથી આવતી ગરમી અને પ્રકાશ આ પડ સાથે ટકરાઈને સીધા પૃથ્વી પર પહોંચવાને બદલે અવકાશમાં પાછા પરાવર્તિત થાય છે.આ ઉપરાંત, જ્વાળામુખીમાંથી નીકળતો સલ્ફર ડાયોક્સાઈડ વાયુ ઉપર જઈને સલ્ફેટ એરોસોલ બનાવે છે. આ એરોસોલ સૂર્યનાં કિરણોને વધુ અસરકારક રીતે અવરોધે છે. આ પ્રક્રિયાને કારણે પૃથ્વી પર ઓછી સૌર ઊર્જા પહોંચે છે, જેનાથી તાપમાનમાં ઘટાડો થાય છે અને ઠંડક ઘણા મહિનાઓથી લઈને બે-ત્રણ વર્ષ સુધી જળવાઈ રહી શકે છે.જ્વાળામુખીના મોટા વિસ્ફોટો પૃથ્વીને થોડા સમય માટે ઠંડી કરી શકે છે, જેને ગ્લોબલ કૂલિંગ પિરિયડ કહેવામાં આવે છે, પરંતુ તેનાથી હિમયુગ(Ice Age) આવી શકે નહીં. હિમયુગ માટે હજારો વર્ષો સુધી સતત નીચું તાપમાન અને દર વર્ષે બરફના જાડા પડોનું નિર્માણ થવા જેવાં ઘણાં કારણો જરૂરી છે. જ્વાળામુખીની ઠંડી કરવાની અસર એટલી લાંબી હોતી નથી, તે વધુમાં વધુ બે કે ત્રણ વર્ષ સુધી જ જળવાઈ રહી શકે છે.વૈજ્ઞાનિકો હવે ઘણા દાયકાઓથી જ્વાળામુખીય વિસ્ફોટના સિદ્ધાંતને આધારે ગ્લોબલ વોર્મિંગ ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ વિચારને સ્ટ્રેટોસ્ફેરિક એરોસોલ ઈન્જેક્શન કહેવામાં આવે છે. આ પ્રક્રિયામાં સલ્ફેટના કણો ઉપલા વાતાવરણમાં મોકલવામાં આવે છે જેથી તેઓ સૂર્યનાં કિરણોને અવકાશમાં પાછાં મોકલી શકે. આનાથી તાપમાન અમુક હદ સુધી ઘટાડી શકાય છે.જોકે, આ પદ્ધતિની મર્યાદાઓ અને જોખમો પણ છે. તેનાથી તાપમાનમાં અસ્થાયી રાહત તો મળશે, પરંતુ ગ્લોબલ વોર્મિંગનું મૂળ કારણ(ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન) સમાપ્ત નહીં થાય. સાથે જ, આનાથી વરસાદની પેટર્ન બદલાઈ શકે છે, જેના પરિણામે ક્યાંક પૂર તો ક્યાંક દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ શકે છે. આ જ કારણોસર ઘણા દેશોએ આ પ્રયોગના ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરી છે અને કોઈ પણ દેશે હજી સુધી મોટા સ્તરે આવું કરવાની હિંમત કરી નથી.

## કડકડતી ઠંડી વચ્ચે ભારત પર વાવાઝોડાનો ખતરો

નવીદિલ્હી,તા.૨૫

દેશભરમાં હવામાન બદલાઈ રહ્યું છે. જેમ-જેમ નવેમ્બર મહિનો પસાર થઈ રહ્યો છે તેમ-તેમ ઠંડી વધી રહી છે. એક તરફ જ્યાં દિવસનું હવામાન સ્વચ્છ અને શુષ્ક રહે છે, જ્યારે ત્યારે બીજી તરફ સાંજ થતાં જ તાપમાનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ત્યારે હવે કડકડતી ઠંડી વચ્ચે હવામાન વિભાગે વાવાઝોડાની શક્યતા વ્યક્ત કરી છે.

IMDના જણાવ્યા પ્રમાણે બંગાળની ખાડીમાં રચાયેલી એક નવી હવામાન સિસ્ટમ ઝડપથી સક્રિય થઈ રહી છે અને આગામી દિવસોમાં તે મોટા વાવાઝોડાનું રૂપ લઈ શકે છે.

IMDના જણાવ્યા પ્રમાણે મલેશિયા અને સ્ટ્રેટ ઓફ મલક્કા નજીકનું લો-પ્રેશર ક્ષેત્ર હાલમાં ત્યાં જ બન્યું છે અને તેની સાથે જોડાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન ૭.૬ કિલોમીટરની ઊંચાઈ સુધી એક્ટિવ છે. અનુમાન છે કે, આ સિસ્ટમ પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધીને આગામી ૨૪ કલાકમાં દક્ષિણ આંદામાન સમુદ્ર પર ડિપ્રેશનમાં ફેરવાઈ જશે અને ત્યારબાદ આગામી ૪૮ કલાકમાં વાવાઝોડાના રૂપમાં દક્ષિણ બંગાળની ખાડીમાં તીવ્ર થઈ શકે છે. આ સિસ્ટમને સાયક્લોન સેન્યાર નામ આપવામાં આવ્યું છે.આ સાયક્લોનિક સિસ્ટમના પ્રભાવથી તમિલનાડુ, કેરળ, લક્ષદ્વીપ અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદની આગાહી છે. તામિલનાડુમાં ૨૫ થી ૨૭ નવેમ્બર સુધી ભારે વરસાદની સાથે ૨૮, ૨૯ અને ૩૦ નવેમ્બરે અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. કેરળ અને માહેમાં ૨૬ નવેમ્બર સુધી ભારે વરસાદની આગાહી છે. આંધ્રપ્રદેશ અને યનમમાં ૨૯ અને ૩૦ નવેમ્બરે ભારે વરસાદની આગાહી છે.

# દરેક બ્રેકઅપને દુષ્કર્મ ન કહેશો, સુપ્રીમ કોર્ટે

### હકીકતમાં યૌન હિંસા અથવા જબરદસ્તી કરવામાં આવી હોય ફક્ત એવા જ કેસમાં આવો આરોપ લગાવેલો હોવો જોઈએ

નવી દિલ્હી,તા.૨૫

સુપ્રીમ કોર્ટે દુષ્કર્મના એક કેસમાં કાયદાને લઈને ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, દરેક અસફળ અથવા ખરાબ સંબંધને દુષ્કર્મનું નામ આપવું ગુનાની ગંભીરતાને ઓછી કરી દે છે. દુષ્કર્મનો આરોપ એ સૌથી ગંભીર પ્રકારનો ગુનો છે. જ્યાં હકીકતમાં યૌન હિંસા અથવા જબરદસ્તી કરવામાં આવી હોય ફક્ત એવા જ કેસમાં આવો આરોપ લગાવેલો હોવો જોઈએ.જસ્ટિસ બી.વી નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની ખંડપીઠે સોમવારે (૨૫ નવેમ્બર) એક કેસની સુનાવણી કરતા આ ટિપ્પણી કરી હતી. મહારાષ્ટ્રના એક વકીલ પર દુષ્કર્મ અને ગુનાઈત ધમકીનો આરોપ લગાવતી ફ્રૈંઈ અને ચાર્જશીટને કોર્ટે નકારી દીદી છે. હકીકતમાં, ફરિયાદી મહિલાએ શરૂઆતમાં ભરણપોષણના એક મામલે કાયદાકીય મદદ માટે વકીલનો સંપર્ક કર્યો હતો અને બાદમાં તે કથિત રૂપે લાંબા સમય સુધી વકીલની સાથે સંબંધોમાં રહી હતી. બાદમાં તેણે વકીલ ઉપર દુષ્કર્મ અને ગુનાઈત ધમકીનો આરોપ લગાવ્યો હતો.કોર્ટે આ કેસમાં કહ્યું કે, દુષ્કર્મનો ગુનો સૌથી ગંભીર પ્રકારનો ગુનો છે. આ ફક્ત એવા જ મામલે લગાવવો જોઈએ, જ્યાં હકીકતમાં યૌન હિંસા, બળજબરી અથવા સ્વતંત્ર સંમતિની કમી હોય. દરેક ખરાબ સંબંધને દુષ્કર્મના ગુનામાં બદલવો ન ફક્ત ગુનાઈત ગંભીરતાને ઓછી કરે છે. પરંતુ, આરોપી પર ક્યારેય દૂર ન થાય એવું કલંક અને ગંભીર અન્યાય પણ થોપે છે. ન્યાયતંત્ર કાયદાના આવા દુરૂપયોગ પર ગંભીર ચિંતા વ્યક્ત કરે છે. આ સાથે જ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના એ આદેશને પણ રદ કરી દીધો, જેમાં કાર્યવાહીને રદ કરવાનો ઈનકાર કરી દેવાયો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રેકોર્ડ પર હાજર પુરાવા સ્પષ્ટપણે સંમતિથી બનેલા સંબંધ તરફ ઈશારો કરે છે, જે બાદમાં કડવાશમાં બદલાઈ ગયા હતા. મહિલા (ફરિયાદી) પોતે પુખ્ત વયની છે, શિક્ષિત છે, પોતાની ઈચ્છાથી વકીલના સંપર્કમાં રહી હતી, તે અવાર-નવાર વકીલને મળતી રહી અને ત્રણ વર્ષ સુધી તેની સાથે ગાઢ ભાવનાત્મ રૂપે જોડાયેલી હતી.આ નિર્ણયમાં કોર્ટે સ્વીકાર્યું કે, ભારતીય સમાજમાં મહિલાઓ અવાર-નવાર લગ્નના વચન પર સંબંધ માટે સંમતિ આપે છે અને જો તે વચન ફક્ત તેનું શોષણ કરવા કે ખરાબ નિયત સાથે આપવામાં આવ્યું હોય, તો આવી સંમતિ અમાન્ય હોય શકે છે. એવા મામલે કાયદાએ સંવેદનશીલ રહેવું જોઈએ. પરંતુ, આવા આરોપોનું સમર્થન વિશ્વસનીય પુરાવા અને નક્કર તથ્યો પર આધારિત હોવું જોઈએ, ન કે નિરાધાર આરોપ અથવા નૈતિક અનુમાન પર.

### આંકડાઓમાં ચિંતાજનક વધારો

# ગુજરાતમાં દરરોજ ૨૦૬ મહિલાઓ ઘરેલું હિંસાનો શિકાર

### ગત વર્ષે અભયમમાં ૨.૧૭ લાખ કોલ્સ આવ્યા હતા આ સ્થિતિએ દરરોજ આવેલા કોલ્સનું પ્રમાણ ૫૯૫ હતુ

અમદાવાદ,તા.૨૫

ગુજરાતમાં મહિલા સામે ઘરેલુ હિંસાના કેસમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. આ વર્ષે જ ૬૭ હજારથી વધુ મહિલાઓ ઘરેલુ હિંસાનો ભોગ બની ચૂકી છે. આમ, દરરોજ સરેરાશ ૨૦૬ જેટલી મહિલાઓ ઘરેલુ હિંસાનો ભોગ બને છે અને તેમાં ચિંતાજક વધારો જોવા મળી રહ્યો છે.

વર્ષ ૨૦૨૫માં કયા જિલ્લામાં મહિલા સામે હિંસાના સૌથી વધુ કેસ?

| જિલ્લો | કેસ |
|---|---|
| અમદાવાદ | ૩૩૮૬૯ |
| સુરત | ૧૨૪૧૪ |
| રાજકોટ | ૧૧૭૮૧ |
| વડોદરા | ૧૧૩૦૮ |
| ભાવનગર | ૬૧૮૦ |

દર વર્ષે ૨૫ નવેમ્બરની ઉજવણી 'મહિલા સામે સામે હિંસા નિવારણ દિવસ' તરીકે કરવામાં આવે છે.

મહિલાઓ માટેની હેલ્પલાઈન 'અભયમ' દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, ગુજરાતમાં આ વર્ષે અત્યાર સુધી ૧.૬૮ લાખથી વધુ કોલ્સ આવી ચૂક્યા છે. અભયમમાં આવેલા કોલ્સમાંથી અંદાજે ૪૦ ટકા ઘરેલું હિંસાને લગતા હોય છે. ગત વર્ષે અભયમમાં ૨.૧૭ લાખ કોલ્સ આવ્યા હતા. આ સ્થિતિએ દરરોજ આવેલા કોલ્સનું પ્રમાણ ૫૯૫ હતું. જેની સરખામણીએ આ વર્ષે અત્યાર સુધીમાં ૧.૬૮ લાખ કોલ્સ આવ્યા હતા.

ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં મહિલા સામે હિંસાના કેસ

| વર્ષ | કેસ |
|---|---|
| ૨૦૨૧ | ૧,૬૫,૬૬૪ |
| ૨૦૨૨ | ૧,૮૫,૭૪૬ |
| ૨૦૨૩ | ૨,૧૮,૨૮૧ |
| ૨૦૨૪ | ૨,૧૭,૨૨૮ |
| ૨૦૨૫ | ૧,૬૮,૦૪૧ |
| કુલ (TOal) | ૮,૫૫,૨૬૦ |

જાણકારોના મતે ઘરેલુ હિંસાનો કાયદો ૨૦૦૫માં અસ્તિત્વમાં આવ્યો હતો. આ કાયદો અમલમાં આવ્યો એ પહેલાં પણ જો કોઈ હિંસા થઈ હોય એટલે કે, ભૂતકાળમાં પણ ઘરેલું હિંસા બની હોય તો એને પણ આ કાયદા હેઠળ આવરી લેવામાં આવે છે. આ પહેલાં જે કાયદો હતો એ પત્ની, માતા અને પુત્રીને આવરી લેતો હતો. પરંતુ, હવે જે ડોમેસ્ટિક કાયદો છે એ દરેક સ્ત્રીને આવરી લે છે . એટલે કે સ્ત્રીની વ્યાખ્યા પહેલાં માતા કે પત્ની પૂરતી સિમિત હતી. એમાં હવે તમામ સ્ત્રી આવી ગઈ. એટલે કે, પ્રેમ સંબંધ હોય અને એની સાથે રહ્યા હોય એને પણ આ કાયદો લાગુ પડે છે.

અમદાવાદમાં છેલ્લા પાંચ વર્ષમાં મહિલા સામે હિંસાના કેસ

| વર્ષ | કેસ |
|---|---|
| ૨૦૨૧ | ૨૬,૯૯૯ |
| ૨૦૨૨ | ૩૧,૬૧૨ |
| ૨૦૨૩ | ૪૦,૦૨૭ |
| ૨૦૨૪ | ૪૪,૭૯૧ |
| ૨૦૨૫ | ૩૩,૮૬૯ |
| કુલ (TOal) | ૧,૭૭,૨૯૮ |

આ સિવાય, પતિ હાથ ઉપાડે તો પત્નીએ જરૂર પડે તો કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ. હકીકતમાં મહિલાઓ સમાજ, સગાસંબંધી અને પરિવાર વિશે વિચારીને જ સહન કરે છે. એમને લાગે છે કે, હું ફરિયાદ કરીશ તો મારા ઘરની આબરૂ જશે. કોઈ શું વિચારશે? પરંતુ, પોતાનું જીવન જીવવાનો હક દરેક મહિલાને છે. પોતાના પર થતા અત્યાચાર સામે સો ટકા પગલાં લેવા જોઈએ.

### મમતા બેનર્જીએ આપી કેન્દ્રને ધમકી

# મમતા બેનર્જીએ ભાજપ અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા

### જો મારા કે મારા કાર્યકર્તાઓ પર કોઈ પણ પ્રકારનો હુમલો કરવામાં આવશે તો, આખા ભારતમાં ભાજપને હચમચાવી નાખી

પશ્ચિમ બંગાળ,તા.૨૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મંગળવારે ભાજપ અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, જો તેમના પર કોઈ પણ પ્રકારનો હુમલો થશે, તો તેઓ સમગ્ર ભારતમાં ભાજપને હચમચાવી નાખશે. રાજ્યમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર વધી રહેલા વિવાદ વચ્ચે બેનર્જીએ ખુલ્લા મંચ પરથી આ ધમકી આપી હતી.મમતા દીદીએ કહ્યું કે, તેઓ આજે હેલિકોપ્ટર દ્વારા મુસાફરી કરવાના હતા, પરંતુ સવારે અચાનક માહિતી મળી કે, તેમનું હેલિકોપ્ટર ઉડાડવામાં આવશે નહીં. તેને ષડયંત્ર ગણાવતા કહ્યું કે, "હું મોડી પહોંચી કારણ કે હું હેલિકોપ્ટરનો ઉપયોગ કરતી નથી. મારે આજે હેલિકોપ્ટર જવાનું હતું, પરંતુ મને સવારે ખબર પડી કે, તે ઉડશે નહીં." ચૂંટણીઓ શરૂ પણ થઈ નથી અને તમે પહેલાથી જ સંઘર્ષ શરૂ કરી દીધો છે? સારું થયું કે, હું અહીં પગપાળા આવી છું, લોકોને મળી રહી છું.મમતા બેનર્જીએ કહ્યું કે, "મને SIR ના નામે જાણી જોઈને નિશાન બનાવવામાં આવી રહી છે. જો મારા પર કોઈ પણ રીતે હુમલો કરવામાં આવશે, તો હું સમગ્ર ભારતમાં ભાજપને હચમચાવી નાખીશ." ભાજપ પર સીધો હુમલો કરતા તેમણે કહ્યું કે, "હું તેમને કહેવા માંગુ છું કે, તમે મને અડશો નહીં. અમે તમારો ખેલ જાણીએ છીએ. પરંતુ તમે ક્યારેય બંગાળ જીતી શકશો નહીં." મમતાએ દાવો કર્યો કે, ભાજપ બિહારમાં ચૂંટણી લડવામાં નિષ્ફળ ગયું છે અથવા વિપક્ષની રણનીતિ સમજી શકી નથી. આ સાથે જ, મમતા બેનર્જીએ જૈંઈ વિરુદ્ધ રાષ્ટ્રવ્યાપી કૂચની પણ જાહેરાત કરી હતી. TMC અનુસાર, મમતા બેનર્જીનો અર્થ એ હતો કે, જો કોઈ TMC કાર્યકર પર હુમલો થાય છે, તો અમે તેને સહન કરીશું નહીં. મમતા મટુઆ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં રેલી કરી રહી હતી, જે ભાજપનો ગઢ છે. તેથી, મમતાએ ત્યાંથી કેન્દ્ર સરકાર પર હુમલો કર્યો હતો. તેમણે લોકોને કહ્યું કે, "SIR એક ષડયંત્ર છે, પાછળના દરવાજા દ્વારા ફ્રઈઝ ને અમલમાં મૂકવાનું કાવતરું છે." મમતા બેનર્જીએ મ્જીહ્વ પર પણ નિશાન સાધતા કહ્યું કે, "એવો પ્રચાર થઈ રહ્યો છે કે, ઘુસણખોરો બંગાળમાં છે, પરંતુ તેઓ કેવી રીતે આવ્યા? તેમને બંગાળમાં પ્રવેશવા કોણે દીધા?"આ દરમિયાન, ચૂંટણી પંચે મમતા બેનર્જીને પત્ર મોકલીને SIR સહિત અનેક મુદ્દાઓ પર સ્પષ્ટતા માંગી છે. પંચે તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના એક પ્રતિનિધિમંડળને ૨૮ નવેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યે બેઠક માટે બોલાવ્યા છે, જ્યાં પાર્ટી SIR અને અન્ય મુદ્દાઓ પર પોતાના વિચારો રજૂ કરશે. TMCનો આરોપ છે કે, SIRનો ઉપયોગ રાજકીય દબાણ લાવવા અને આગામી ચૂંટણીઓ માટે વાતાવરણને પ્રભાવિત કરવા માટે થઈ રહ્યો છે. ભાજપ આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢે છે અને તેને મમતાના ગભરાટ માટે જવાબદાર ઠેરવે છે.

## કાશ્મીરમાં તાપમાનનો પારો માઈનસમાં, ઉ. ભારત ઠૂંઠવાયું

નવી દિલ્હી, તા.૨૫

ઉત્તર ભારતમાં હવે ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. પર્વતીય વિસ્તારોથી લઈને મેદાનના વિસ્તારો સુધી તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. કાશ્મીર ખીણમાં કેટલાય સ્થળોના તાપમાનનો પારો શૂન્યથી નીચે એટલે કે માઈનસમાં જઈ રહ્યો છે. આ દરમિયાન, ભારતીય હવામાન વિભાગે બંગાળની ખાડીની ઉપર સર્જાઈ રહેલી લો-પ્રેશર સિસ્ટમ ઝડપી થવાના લીધે તમિલનાડુના દક્ષિણના અને ડેલ્ટા જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે. આ સાથે સોમવારે તમિલનાડુ માટે ઓરેન્જ એલર્ટ અને પુડુચેરી માટે યેલો એલર્ટ જાહેર કર્યું છે. અહીંના સંબંધિત જિલ્લાઓમાં ખૂબ ભાર વરસાદ, આંધી-તોફાન ને વીજળી પડવાની ચેતવણી આપવામાં આવી છે. આ દરમિયાન, પુડુચેરી અને કરાઈકલ વિસ્તારોમાં સોમવારે ભારે વરસાદ પણ થયો છે.શ્રીનગરમાં રવિવારે રાત્રે તાપમાન માઈનસ ૨.૮ ડિગ્રી સુધી પહોંચી ગયું, જે સરેરાશ તાપમાનથી ખૂબ ઓછું છે. ખીણના અન્ય ક્ષેત્રો - જેવા કે કાજીગુંડ અને પહલગામમાં પણ તાપમાન માઈનસમાં પહોંચી ગયું છે, જ્યારે ગુલમર્ગમાં તાપમાનનો પારો શૂન્ય ડિગ્રીને આસપાસ રહ્યો હતો. હવામાન વિભાગનું કહેવું છે કે ૩૦મી નવેમ્બર સુધી આકાશ સ્વચ્છ રહેવાની શક્યતા છે. પરંતુ આ દરમિયાન લઘુમત તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. જ્યારે ઊંચાણવાળા વિસ્તારોમાં સવારે અને રાત્રે કડકતી ઠંડી પડી રહી છે. ઉત્તર ભારતમાં સતત ઠંડી વધી રહી છે. પંજાબ-હરિયાણામાં તાપમાનમા ઘટાડો નોંધાઈ રહ્યો છે. આ ઉપરાંત, હવમાન વિભાગે ૨૭-૨૮ નવેમ્બરે નવા પશ્ચિમી દબાણનું એલર્ટ જાહેર કર્યું છે.

# સેના પ્રથમ વખત ૧૯૮૦ના યુદ્ધમાં શહીદ થયેલ ૧૧૭૧ જવાનોને શ્રદ્ધાંજલિ આપશે

### આંતકીઓનો ખાતમો કરવા તેમજ ઘૂસણખોરી કરનાર લોકો સામે લડી બહાદુરીથી ભારતીય સૈનિકો લડયા અને આ ઓપરેશન સફળ કર્યા

નવીદિલ્હી,તા.૨૫

ભારતીય સૈનિકોએ અનેક લડાઈ લડી સફળ ઓપરેશન પાર પાડ્યા છે. ઓપરેશન સિંદૂર, ઓપરેશન બ્લૂ સ્ટાર જેવા અનેક ઓપરેશનમાં સેના અને જવાનોની બહાદુરી જોઈ.

દેશની સરહદની રક્ષા માટે, આંતકીઓનો ખાતમો કરવા તેમજ ઘૂસણખોરી કરનાર લોકો સામે લડી બહાદુરીથી ભારતીય સૈનિકો લડયા અને આ ઓપરેશન સફળ કર્યા. આ ઓપરેશન દરમિયાન કેટલાક સૈનિકો મોતને પણ ભેટયા. સેના પ્રથમ વખત સત્તાવાર રીતે ૧૧૭૧ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી રહી છે. આ સૈનિકોએ ઓપરેશન પવનમાં શહીદ થયા હતા. જાણો શું છે ઓપરેશન પવન.

ઓક્ટોબર ૧૯૮૭ થી માર્ચ ૧૯૯૦સુધી ચાલેલા આ ઓપરેશનને 'ઓપરેશન પવન' કહેવામાં આવતું હતું. ૧૯૮૭માં, રાજીવ ગાંધી સરકારે તમિલ અને સિંહાલી સમુદાયો વચ્ચેના ગૃહયુદ્ધનો અંત લાવવા માટે ભારતીય શાંતિ રક્ષા દળ (IPKF) શ્રીલંકા મોકલ્યું. જેનો હેતુ ન્ઈ જેવા તમિલ આતંકવાદી જૂથોને નિઃશસ્ત્ર કરવાનો અને શાંતિ સ્થાપિત કરવાનો હતો. જોકે, LTTE એ કરાર તોડી નાખ્યો અને ભારતીય સેના સાથે અથડામણ કરી. સૈનિકોએ જંગલો અને ઝાડીઓમાં છુપાયેલા LTTE સાથે લડાઈ કરી. LTTE અને સૈનિકો વચ્ચે ભયંકર અથડામણ થઈ હતી. જેમાં અનેક ભારતીય સૈનિકો શહીદ થયા. સૌથી અગ્રણી નામ પરમવીર ચક્ર વિજેતા મેજર રામાસ્વામી પરમેશ્વરનનું છે, જે ૨૫ નવેમ્બર, ૧૯૮૭ના રોજ શહીદ થયા હતા. આ ઓપરેશનમાં, ૧૧૭૧ ભારતીય સૈનિકો શહીદ થયા હતા અને ૩૫૦૦થી વધુ ઘાયલ થયા હતા. આટલું મોટું ઓપરેશન થવા છતાં સત્તાવાર રીતે કોઈ જાહેરાત કરાઈ ના હતી. ના તો વધુ વિગત બહાર આવી હતી. આ ઓપરેશન પવનને વર્ષોથી તે માન્યતા મળી ન હતી જે તેને મળવાની હતી.

પહેલી વાર, આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને ડેપ્યુટી આર્મી ચીફ લેફ્ટનન્ટ જનરલ પુષ્પેન્દ્ર સિંહ વ્યક્તિગત રીતે પુષ્પાંજલિ અર્પણ કરશે. ઓપરેશન પવનના ઘણા નિવૃત્ત સૈનિકો અને શહીદોના પરિવારો પણ હાજર રહેશે.

IPKF ના નિવૃત્ત સૈનિકો લાંબા સમયથી ૧૯૭૧ ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ અને ૧૯૯૯ ના કારગિલ સંઘર્ષની યાદમાં ઓપરેશન પવનને યાદ કરવા માટે એક દિવસની સત્તાવાર નિમણૂક કરવાની માંગ કરી રહ્યા હતા. તેમની માગ પૂર્ણ થતા એક નિવૃત્ત સૈનિકોએ કહ્યું કે ૩૮ વર્ષ પછી, તેમને થોડી માન્યતા મળી રહી છે. હવે, થોડી સાંત્વના મળશે.

### રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૧ ડિસેમ્બરે પરીક્ષા લેવાશે

# ધોરણ-૧થી ૫માં શિક્ષક બનવા રાજ્યના ૧.૦૧ લાખ વિદ્યાર્થી નોંધાયા

**રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ-૧) માટે ૧૪ ઓક્ટોબરે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું**

અમદાવાદ, તા.૨૫

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ધો.1થી 5માં શિક્ષક બનવા માટે લેવાનારી શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ-1) માટે રાજ્યભરમાંથી 1.01 લાખ વિદ્યાર્થી નોંધાયા છે. છેલ્લે વર્ષ-2023માં લેવાયેલી પરીક્ષામાં 87 હજાર વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યાં હતા. આ વખતે 21 ડિસેમ્બરે યોજાનારી પરીક્ષા માટે 14 હજાર જેટલાનો વધારો થયો છે. બીજી તરફ, પીટીસીના બીજા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પરીક્ષા માટે લાયક ગણતાં નવા 5015 વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ-1) માટે 14 ઓક્ટોબરે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા માટે 29 ઓક્ટોબરથી ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેની મુદત 12 નવેમ્બર સુધી આપવામાં આવી હતી. આમ, 12 નવેમ્બરની મુદત સુધીમાં મોટાભાગના ઉમેદવારોએ ફોર્મ ભરી દીધા હતા. આ પરીક્ષા માટે PTCનો અભ્યાસ પૂર્ણ કરી ચૂક્યા હોય એવા વિદ્યાર્થીઓ જ ફોર્મ ભરી શકે એવી સૂચના જાહેરનામામાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેના પગલે PTCના બીજા વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારોએ પરીક્ષા આપવા અંગે રાજ્ય પરીક્ષા બોર્ડમાં રજૂઆત કરાઈ હતી.ઉમેદવારોની રજૂઆતના પગલે શિક્ષણ વિભાગે બીજા વર્ષના વિદ્યાર્થીઓને પણ લાયક ગણવાનો નિર્ણય કરતાં ફોર્મ ભરવાની મુદત લંબાવી 21 નવેમ્બર કરવામાં આવી હતી. આ દરમિયાન કુલ 5015 નવા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. બીજા વર્ષમાં અભ્યાસ કરતાં જે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, એમાં સૌથી વધુ ગુજરાતી માધ્યમના 4798 વિદ્યાર્થી, હિન્દી માધ્યમના 92 અને અંગ્રેજી માધ્યમના 125 વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ સાથે ટેટ-1ની પરીક્ષા માટે 101500 વિદ્યાર્થીઓ નોંધાયા છે.

### આ કંપનીએ ખેલાડીને નાણાં પરત કર્યા ન હતા

# EDએ બે ગેમિંગ કંપનીઓની રૂ.પ૨૩ કરોડની સંપત્તિ ફ્રીઝ કરી

**ભારત સરકારે તાજેતરમાં જ અસલ પૈસાથી રમાતા ઓનલાઇન જુગારને પ્રતિબંધિત જાહેર કર્યો હતો**

નવી દિલ્હી, તા.૨૫

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ વિન્ઝો અને ગેમ્સકાર્ટ જેવી ઓનલાઇન ગેમ (જુગાર) રમાડતી કંપનીઓની રૂ. પ૨૩ કરોડની સંયુક્ત સંપત્તિની ફ્રીઝ કરી હોવાનું જણાવ્યું છે. ભારત સરકારે તાજેતરમાં જ અસલ પૈસાથી રમાતા ઓનલાઇન જુગારને પ્રતિબંધિત જાહેર કર્યો હતો ત્યારબાદ પણ આ કંપનીઓના એકાઉન્ટનો લોકોના અબજો રૂપિયા જમા હતા જે ખરેખર તેઓએ ખેલાડીઓને પરત કરી દેવા જોઈતા હતા, પરંતુ કંપનીઓને આ પૈસા લોકોને પરત કર્યા નહોતા.ઈડીએ ૧૮ નવેમ્બરથી ૨૨ નવેમ્બર વચ્ચે નવી દિલ્હી, બેંગ્લોર અને ગુરૂગ્રામ સ્થિત આ કંપનીઓની પેરેન્ટ કંપનીઓ નિર્દેશા નેટવર્ક પ્રાઈવેટ લિમિટેડ, ગેમ્સકાર્ટ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ અને વિન્ઝો ગેમ્સ પ્રાઈવેટ લિમિટેડની ઓફિસો અને તેઓના પ્રમોટરોની ઓફિસો અને નિવાસસ્થાનો ઉપર દરોડા પાડ્યા હતા. આ તમામ કંપનીઓ ખેલાડીઓને અસલ રૂપિયાથી ઓનલાઇન જુગાર રમાડતી હતી. ઈડીએ વિન્ઝો કંપની ઉપર ગુનાઈત પ્રવૃત્તિઓમાં સંડોવણી હોવાનો અને ગેરરીતિ આચરવાનો ગંભીર આરોપ મૂક્યો હતો, કેમ કે આ કંપનીઓ અસલ રૂપિયાથી લોકોને ઓનલાઇન જુગાર રમાડતી હતી, પરંતુ જુગાર રમનારા ખેલાડીઓને એવી જાણ જ નહોતી કે તેઓ કોઈ માણસો સાથે નહીં પરંતુ અલ્ગોરિધમ ધરાવતા એક સોફ્ટવેર સાથે જુગાર રમી રહ્યા છે.ઈડી દ્વારા બહાર પાડવામાં આવેલાં નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે વિન્ઝો કંપની ભારતમાં બેઠી બેઠી તેના સમાન પ્લેટફોર્મ ઉપરથી બ્રાઝિલ અમેરિકા અને જર્મનીના લોકોને પણ અસલ રૂપિયાથી જુગાર રમાડતી હતી. ભારત સરકારે ગત ૨૨ ઓગસ્ટ-૨૦૨૫ના રોજ અસલ નાણાં વડે ઓનલાઇન જુગાર રમવા કે રમાડવા ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો તેમ છતાં આ કંપનીએ ખેલાડીને નાણાં પરત કર્યા વિના પોતાના એકાઉન્ટમાં રૂ. ૪૩ કરોડની રકમ મૂકી રાખી હતી.

### દાતાનું નામ સહિતની વિગતો જાહેર કરવા અરજદારની માંગ

# રાજકીય પક્ષોએ સ્વીકારેલા રોકડ દાન મામલે સુપ્રીમની કેન્દ્ર, અન્યોને નોટિસ

**આ અરજીમાં આવકવેરા કાયદા ૧૯૬૧ની કલમ ૧૩ના ક્લોઝ (ડી)ને ગેરબંધારણીય ગણાવતા રદ કરવાની માંગ કરાઈ**

નવી દિલ્હી, તા.૨૫

રાજકીય પક્ષોને રૂ. ૨,૦૦૦થી ઓછી રકમનું અનામી રોકડ દાન સ્વીકારવાની મંજૂરી આપતી આવકવેરા કાયદાની જોગવાઈની યોગ્યતાને પડકારતી અરજી અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર તથા અન્યો પાસેથી જવાબ માંગ્યો છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે આ મામલે પહેલા હાઈકોર્ટનો રૂખ શા માટે ના કરાયો તેવો પ્રશ્ન કર્યો હતો અને અરજી પર ચાર સપ્તાહ બાદ સુનાવણી કરવા કહ્યું હતું. સર્વોચ્ચ અદાલતે સુનાવણીની ખાતરી સાથે મતદાન પેનલ, કેન્દ્ર તથા ભાજપ અને કોંગ્રેસ સહિતની રાજકીય પાર્ટીઓને જવાબ રજૂ કરવા નોટિસ આપી હતી.

સુપ્રીમમાં કરાયેલી અરજીમાં જણાવાયું છે કે, પારદર્શિતાનો અભાવ ચૂંટણી પ્રક્રિયાને નબળી પાડે છે કારણ કે તે મતદારોને રાજકીય ભંડોળનો સ્રોત, દાતાઓ અને તેમના હેતુઓ વિશેની મહત્વપૂર્ણ બાબતથી વંચિત રાખે છે. પરિણામે તે મતદાન કરતી વખતે તેમને તર્કસંગત, બુદ્ધિશાળી અને સંપૂર્ણ માહિતી સાથેનો નિર્ણય લેતા અટકાવે છે.સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર, ચૂંટણી પંચ સહિત અન્યોને નોટિસ ઈશ્યૂ કરીને આ અરજી સંદર્ભે તેમનો જવાબ માંગ્યો છે. અરજીમાં ચૂંટણી પેનલને નિર્દેશ આપવાની માગ કરાઈ છે કે કોઈ રાજકીય પાર્ટીની નોંધણી તથા ચૂંટણી ચિહ્નની ફાળવણી વખતે રાજકીય પાર્ટી રોકડમાં દાન સ્વીકારી શકે નહીં તેવી શરત મૂકે. અરજદાર ખેમ સિંહ ભાટી વતી વકીલ વિજય હંસારિયા જેઓ વકીલ સ્નેહા કલિતા સાથે હાજર રહ્યા હતા તેમને બેન્ચે સવાલ કર્યો કે, પહેલા હાઈકોર્ટનો દરવાજો શા માટે ના ખટખટાવ્યો?. હંસારિયાના મતે આ અરજી તમામ રાજકીય પક્ષ અને તેમને દેશભરમાંથી મળતા ફંડિંગ અંગેની છે.આ અરજીમાં આવકવેરા કાયદા ૧૯૬૧ની કલમ ૧૩ના કલોઝ (ડી)ને ગેરબંધારણીય ગણાવતા રદ કરવાની માંગ કરાઈ છે. સુપ્રીમ કોર્ટના ચૂંટણી બોન્ડ યોજના રદ કરવાના ૨૦૨૪ના ચુકાદાનો પણ ઉલ્લેખ કરાયો છે. અજદારે કોર્ટ પાસેથી નિર્દેશની માંગ કરી છે કે, રાજકીય પક્ષો તેમને દાન આપનાર કોઈપણ વ્યકિતનું નામ સહિત અન્ય વિગતો પણ જાહેર કરે. રાજકીય ફંડિંગમાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે કોઈપણ દાન રોકડમાં ના સ્વીકારે.

### રાષ્ટ્રપતિએ વડાપ્રધાનની હાજરીમાં સીજેઆઇ પદે શપથ લેવડાવ્યા

# જસ્ટિસ સૂર્યકાંત ૫૩મા સીજેઆઇ બન્યા બે કલાકમાં જ ૧૭ કેસ સાંભળ્યા

**શપથ બાદ સીજેઆઇ સૂર્યકાંત પીએમ મોદીને મળ્યા, સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ, પૂર્વ ઉપરાષ્ટ્રપતિ ધનખડ હાજર રહ્યા**

નવી દિલ્હી, તા.૨૫

સોમવારે દેશના ૫૩માં મુખ્ય ન્યાયાધીશના પદ પર જસ્ટિસ સૂર્યકાંતે શપથ ગ્રહણ કર્યા હતા. ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી વગેરેની હાજરીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મુખ્ય ન્યાયાધીશના પદે જસ્ટિસ સૂર્યકાંતને શપથ લેવડાવ્યા હતા. તેઓ મુખ્ય ન્યાયાધીશનું પદ ૧૫ મહિના સુધી સંભાળશે. શપથ ગ્રહણ કર્યાના પ્રથમ જ દિવસે તેમણે બે કલાકમાં જ ૧૭ મામલાઓની સુનાવણી કરી હતી. સોમવારે રાષ્ટ્રપતિ ભવન ખાતે જસ્ટિસ સૂર્યકાંતે હિન્દીમાં શપથ ગ્રહણ કર્યા હતા, શપથ ગ્રહણ કર્યા બાદ તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને શુભેચ્છા પાઠવી હતી. બાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ શપથ ગ્રહણ સમારોહની તસવીર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. આ સમારોહમાં પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, રવિવારે મુખ્ય ન્યાયાધીશના પદેથી નિવૃત્ત થયેલા જસ્ટિસ બી. આર. ગવઈ પણ હાજર રહ્યા હતા. હરિયાણાના હિસારમાં મધ્યમ વર્ગના પરિવારમાં ૧૯૬૨માં જન્મેલા જસ્ટિસ સૂર્યકાંત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે મહત્વના ચુકાદાઓમાં સામેલ રહ્યા છે જેમાં જમ્મુ કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવવી, બિહારમાં એસઆઈઆર પ્રક્રિયા, લોકશાહીના મુદ્દાઓથી લઈને મહિલા સરપંચ સામે લિંગભેદ વગેરેનો સમાવેશ થાય છે. મુખ્ય ન્યાયાધીશના પદે શપથ ગ્રહણ કર્યા બાદ જસ્ટિસ સૂર્યકાંતે પ્રથમ દિવસે જ માત્ર બે જ કલાકમાં ૧૭ મામલાઓની સુનાવણી કરી હતી. મુખ્ય ન્યાયાધીશ તરીકેની તેમની બેંચમાં જસ્ટિસ જોયમાલ્યા બાગચી, જસ્ટિસ અતુલ એસ ચંદુકર સામેલ રહ્યા હતા.

# દિલ્હીમાં વાયુ પ્રદૂષણ વિરુદ્ધ દેખાવોમાં નક્સલી હિડમાનાં પોસ્ટરોથી વિવાદ

નવી દિલ્હી, તા.૨૫

દેશની રાજધાની દિલ્હીમાં ઈન્ડિયા ગેટ પર રવિવારે સાંજે વાયુ પ્રદૂષણની વિરુદ્ધમાં મોટી સંખ્યામાં લોકો પ્રદર્શન કરવા માટે એકત્ર થયા હતા. આ દરમિયાન કેટલાક લોકોએ દેશના મોસ્ટ વોન્ટેડ નક્સલી કમાન્ડર માડવી હિડમા(૪૪)ના પોસ્ટર પ્રદર્શિત કર્યા હતા. પોસ્ટરોમાં હિડમાની સરખામણી આદિવાસી સ્વતંત્રતા સેનાની બિરસા મુંડાની સાથે કરવામાં આવી. હિડમાને જળ, જંગલ અને જમીનનો સંરક્ષક પણ ગણાવવામાં આવ્યો.પ્રદર્શન કરનાર લોકોએ 'માડવી હિડમા અમર રહો'ના નારા પણ લગાવ્યા હતા. તેમજ પ્રદર્શિત પોસ્ટરોમાં 'માડવી હિડમાને લાલ સલામ' જેવા સૂત્રો લખેલા હતા. એક પ્રદર્શનકારીના પોસ્ટરમાં લખેલું હતું: "બિરસા મુંડાથી લઈને માડવી હિડમા સુધી, અમારો જંગલો અને પર્યાવરણનો સંઘર્ષ ચાલું રહેશે." કેટલાક પ્રદર્શનકારીઓએ પોલીસ કર્મીઓ પર કાળા મરચાનો પાઉડર છાંટવાનો પ્રયાસ કર્યો હતો. નવી દિલ્હીના ડેપ્યુટી પોલીસ કમિશનર દેવેશ કુમાર મહલાએ જણાવ્યું કે પહેલી વખત વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોએ ટ્રાફિક અને કાયદો-વ્યવસ્થા સંભાળી રહેલા અધિકારીઓ પર મરચાંના સ્પ્રેનો ઉપયોગ કર્યો. ઘાયલ થયેલા ૪ પોલીસ કર્મીઓને આરએમએલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. દિલ્હી પોલીસના અધિકારીઓના કહેવા મુજબ સોમવારે બે પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે અને હમણાં સુધી ૨૨ લોકોની ધરપકડ કરાઈ છે.ઉલ્લેખનીય છે કે, નક્સલી માડવી હિડમા પર રૂપિયા એક કરોડનું ઈનામ હતું. સુરક્ષા દળોએ ૧૮મી નવેમ્બરે આંધ્રપ્રદેશના જંગલોમાં હિડમાને એન્કાઉન્ટરમાં ઠાર કર્યો હતો. હિડમા અઢી દાયકાથી છત્તીસગઢના બસ્તરમાં સક્રિય હતો અને ૨૬ મોટા નક્સલી હુમલાઓનો માસ્ટર માઈન્ડ હતો.

### મિત્રને મોરફીનની ગોળીઓ આપી

# મોજશોખ અને પ્રેમિકાના ખર્ચ માટે યુવકે એનેસ્થેસિયા, મોર્ફિનથી બેની હત્યા કરી

**ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરમાં એક મહિલાના શંકાસ્પદ મોતની તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો**

વેરાવળ, તા.૨૫

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરમાં એક મહિલાના શંકાસ્પદ મોતની તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. હુડકો સોસાયટીની માનવ રેસિડેન્સી વિસ્તારમાં લગભગ ૧૨ દિવસ પહેલાં થયેલું ભાવનાબેન ચાંડેગરાનું મોત હવે હત્યામાં પરિણમ્યું છે. પોલીસે આ કેસની ગૂંચ ઉકેલી સિરિયલ કિલરને ઝડપી પાડ્યો છે, જે મોજશોખ અને પ્રેમિકાના ખર્ચને પહોંચી વળવા માટે લૂંટના ઈરાદે બે નિર્દોષ લોકોનો ભોગ લીધો હતો.એસ.પી. જયદીપસિંહ જાડેજાએ જણાવ્યું કે, ૧૨ દિવસ પહેલા આરોપી શ્યામ ચૌહાણ ભાવનાબેનના ઘરે થેલેસેમિયાનો ટેસ્ટ કરાવવાના બહાને આવ્યો હતો. બ્લડ સેમ્પલ લેવાના સમયે તેણે એનેસ્થેસિયાનું ઓવર ડોઝ ઈન્જેકશન આપી દીધું હતું. બાદમાં, ભીના નેપકીનથી ડૂમો આપી હત્યા કરી અને સોનાની ચેઈન-બુટી લૂંટીને ફરાર થયો.પોલીસ તપાસ દરમિયાન મૃતકના નજીકમાં જ રહેતા પડોશી શ્યામ ચૌહાણ તરફ શંકા ગઈ. શ્યામ લૂંટાયેલા સોનાના દાગીના IIFLમાં ગીરવે મુકવા પહોંચ્યો ત્યારે પોલીસને નિર્ણાયક કડી મળી. ઊંડાણપૂર્વક પૂછપરછમાં તેણે બંને હત્યાનો ગુનો કબૂલ કર્યો હતો.પોલીસ તપાસમાં ખુલાસો થયો કે આ માત્ર એક હત્યા નહોતી. લગભગ ૪ મહિના પહેલાં શ્યામે પોતાના મિત્ર અભિષેકને પણ નિશાન બનાવ્યો હતો. તેણે અભિષેકને ઠંડા પીણામાં મોરફીનની ૧૦ ગોળીઓ પીવડાવી અને પછી ડૂમો આપી હત્યા કરી હતી. આ હત્યા બાદ તેણે અભિષેક પાસેથી સોનાની વીંટી અને રોકડા રૂ. ૨૦ હજાર લૂંટ્યા હતા. પોલીસ તપાસમાં એ પણ જાણવા મળ્યું કે આરોપી શ્યામ ચૌહાણ મેડિકલ ક્ષેત્રે ત્રણ અલગ-અલગ હોસ્પિટલોના ICU યુનિટમાં ફરજ બજાવી ચૂક્યો હતો. તેને રોગીઓને આપવામાં આવતા એનેસ્થેસિયા અને મોરફીન જેવી પ્રતિબંધિત દવાઓના ઉપયોગ અને તેના જીવલેણ ડોઝનું ઊંડું જ્ઞાન હતું. તે ICUમાં ફરજ દરમિયાન દર્દીઓને આપવામાં આવતા પ્રતિબંધિત ઈન્જેક્શન ગેરરીતિથી પોતાના પાસે રાખતો હતો અને તેનો ઉપયોગ હત્યામાં કર્યો.એસ પી.ના જણાવ્યા પ્રમાણે, શ્યામ ચૌહાણ મોજ-શોખમાં જીવતો યુવક હતો. પ્રેમિકાના ખર્ચને પહોંચી વળવા અને પૈસાની તંગીને દૂર કરવા માટે તેણે લૂંટનો રસ્તો અપનાવ્યો અને નિર્દોષોના પ્રાણ લીધા હતી.


### ફ્લાઈટ સેવાઓ પર માઠી અસરઃ અમદાવાદમાં ઈમરજન્સી લેન્ડિંગ

# ઇથોપિયામાં જ્વાળામુખી ફાટતા ભારત સુધી પહોંચ્યો ખતરો !

**ભારતના નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયએ એક એડવાઇઝરી જાહેર કરી જેમાં તેમને ઊંચાઈ પર અને જ્વાળામુખીની રાખ ફેલાતી હોય તેવા વિસ્તારો પર ઉડાન ટાળવાની સલાહ આપવામાં આવી**

નવી દિલ્હી, તા.૨૫

ઈથોપિયામાં સેંકડો વર્ષોથી શાંત પડેલો 'હેલી ગુબ્બી' જ્વાળામુખી રવિવારે અચાનક સક્રિય થતા વૈશ્વિક હવાઈ વ્યવહાર પર સંકટના વાદળો ઘેરાયા છે. જ્વાળામુખીમાંથી નીકળેલી રાખ અને ધુમાડાની અસર હવે ભારતીય ઉડ્ડયન ક્ષેત્ર પર પણ વર્તાવા લાગી છે. આ રાખના કારણે કન્નુરથી અબુ ધાબી જઈ રહેલી ઈન્ડિગોની એક ફ્લાઈટને અધવચ્ચેથી ડાયવર્ટ કરીને અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતારવી પડી હતી. હવામાન નિષ્ણાતોના મતે, જ્વાળામુખીની રાખ ગુજરાત થઈને દિલ્હી-એનસીઆર અને પંજાબ સુધી પહોંચી શકે છે, જેના કારણે આગામી કલાકોમાં વધુ ફ્લાઈટ્સ પ્રભાવિત થવાની શક્યતા છે. ઈથોપિયામાં થયેલા પ્રચંડ વિસ્ફોટને કારણે આકાશમાં રાખના ગોટેગોટા છવાયા છે, જે વિમાનના એન્જિન માટે અત્યંત જોખમી હોય છે. આ પરિસ્થિતિને કારણે ભારતથી ખાડી દેશો તરફ જતી ફ્લાઈટ્સ પર સીધી અસર પડી છે. કન્નુરથી અબુ ધાબી જતી ઈન્ડિગોની ફ્લાઈટના રૂટમાં રાખના વાદળો આવતા તેને તાત્કાલિક ડાયવર્ટ કરવામાં આવી હતી અને બાદમાં અમદાવાદ એરપોર્ટ પર તેનું સુરક્ષિત લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. અહેવાલો મુજબ, સુરક્ષાના કારણોસર અન્ય ઘણી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પણ રદ કરવી પડી છે.હવામાનના મોડલ મુજબ, ઈથોપિયાથી ઉડેલી આ ગાઢ રાખ સોમવારે રાત સુધીમાં ઉત્તર-પશ્ચિમ ભારતના વાતાવરણમાં પ્રવેશે તેવી શક્યતા છે. પવનની દિશા મુજબ, આ પ્રદૂષિત વાદળો સૌથી પહેલા ગુજરાતમાં પ્રવેશ કરશે અને ત્યારબાદ રાજસ્થાન, દિલ્હી-એનસીઆર અને પંજાબ તરફ આગળ વધશે. જમીનથી આશરે ૧૦ થી ૧૫ કિલોમીટરની ઊંચાઈએ સલ્ફર ડાયોક્સાઇડ અને બારીક પથ્થરોની રજકણો વાળા વાદળો ફરી રહ્યા છે, જે એવિએશન ટર્બાઈન માટે મોટો ખતરો છે.રવિવારે સવારે ઈથોપિયાના અફાર પ્રદેશમાં આ જ્વાળામુખી ફાટ્યો હતો. ઈતિહાસમાં ક્યારેય સક્રિય ન હોવાનો રેકોર્ડ ધરાવતો આ જ્વાળામુખી અચાનક જાગી ઉઠતા સ્થાનિકો અને વૈજ્ઞાનિકો પણ ચોંકી ગયા છે. નજીકનું આફડેરા ગામ સંપૂર્ણપણે રાખના થર નીચે દટાઈ ગયું છે. જોકે, સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ સ્થાનિક પશુપાલકોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે.







### PAK ભૂલ કરશે તો મળશે જડબાતોડ જવાબ

# ભારત-પાકિસ્તાન સરહદ પર કંઈક મોટું થવાની આશંકામાં વધારો

**ભારતીય સશસ્ત્ર દળોને હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે જવાબમાં, સરહદ પર સૈનિકોની તૈનાતી વધારી દેવામાં આવી છે**

નવી દિલ્હી,તા.૨૫

ભારત-પાકિસ્તાન સરહદ પર ફરી એકવાર સૈન્યના જવાનોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ગુપ્તચર એજન્સીને માહિતી મળી છે કે, પાકિસ્તાની સેના ખૈબર પખ્તુનખ્વામાં ચાલી રહેલા બળવાથી લોકોનું ધ્યાન હટાવવા માટે ભારતની સરહદ પર ઉશ્કેરણીજનક કાર્યવાહી કરવાની યોજના બનાવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અત્યંત વિશ્વસનીય ગુપ્તચર ઈનપુટના આધારે, ભારતીય સશસ્ત્ર દળોને હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે. જવાબમાં, સરહદ પર સૈનિકોની તૈનાતી વધારી દેવામાં આવી છે.

આ ચેતવણી એવા સમયે આવી છે, જ્યારે પાકિસ્તાનના ઉત્તરપશ્ચિમ પ્રાંત ખૈબર પખ્તુનખ્વામાં બળવાખોરી વધી રહી છે. લાંબા સમયથી પાકિસ્તાની સેના દ્વારા કથિત દમનકારી કાર્યવાહીનો સામનો કરી રહેલા સ્થાનિક પશ્તુન સમુદાયે ખુલ્લેઆમ બળવો કર્યો છે. તાજેતરના અઠવાડિયામાં, તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) અને અન્ય આતંકવાદી જૂથોએ સેના સામે અનેક હુમલાઓ કર્યા છે.

પાકિસ્તાની સેનાના ISPR (ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ) એ આ હુમલાઓને "ઈન્ડિયન પ્રોક્સી ફિત્ના અલ ખારિજ" તરીકે વર્ણવ્યા છે, પરંતુ સ્થાનિક લોકો તેને પંજાબી પ્રભુત્વ ધરાવતી સેના દ્વારા કરવામાં આવેલા અત્યાચારો ગણાવી રહી છે. અફઘાનિસ્તાનની સરહદે આવેલું ખૈબર પખ્તુનખ્વા લાંબા સમયથી આતંકવાદનું કેન્દ્ર રહ્યું છે, અને પાકિસ્તાની સેના આ આંતરિક બળવામાં ફસાયેલી છે. એવી આશંકા છે કે, પાકિસ્તાન સ્થાનિક પરિસ્થિતિ પરથી ધ્યાન હટાવવા માટે નિયંત્રણ રેખા (LoC) અથવા આંતરરાષ્ટ્રીય સરહદ પર ઉશ્કેરણીજનક કાર્યવાહી કરી શકે છે.આ વિશ્વસનીય ગુપ્તચર અહેવાલો બાદ, ભારતીય સેનાને તાત્કાલિક એલર્ટ પર મૂકવામાં આવી છે. તમામ આગળની જગ્યાઓ પર દેખરેખ વધારી દેવામાં આવી છે, અને સરહદી વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. લશ્કરી સૂત્રો કહે છે કે, ભારતીય સશસ્ત્ર દળો કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને દુશ્મનની કોઈપણ કાર્યવાહીનો કડક જવાબ આપશે.

સેનાએ હજુ સુધી આ બાબતે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી, પરંતુ સંરક્ષણ નિષ્ણાતો માને છે કે, પાકિસ્તાનમાં રાજકીય અસ્થિરતા અને વ્યાપક જાહેર અસંતોષ વચ્ચે સરહદ પર તણાવ વધારવાની રણનીતિ નવી નથી. ભારતે સરહદ પર શાંતિ જાળવવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે, પરંતુ એ પણ સ્પષ્ટ કર્યું છે કે, સુરક્ષા અંગે કોઈ પણ પ્રકારની ગફલત રાખવામાં આવશે નહીં.સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ભારતીય સેના સરહદ પારની તમામ પ્રવૃત્તિઓ પર નજીકથી નજર રાખી રહી છે અને સેના, ગુપ્તચર એજન્સીઓ અને હવાઈ સંરક્ષણ નેટવર્ક વચ્ચે સંકલન મજબૂત બનાવવામાં આવ્યું છે. સુરક્ષા એજન્સીઓ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહી છે અને કોઈપણ સંભવિત ખતરાના કિસ્સામાં તાત્કાલિક કાર્યવાહી કરવા માટે તૈયાર છે.

### જિંદગીમાં મહત્ત્વના ફેરફારો ખાતર નિર્ણય

# રોનિત રોયે અચોક્કસ મુદત માટે સોશિયલ મીડિયા છોડયું

**રોનિત રોયના ઈન્સ્ટાગ્રામ પર દસ લાખ ફોલોઅર્સ છે. તે સોશિયલ મીડિયા પર અતિશય સક્રિય રહેતો હતો અને નિયમિત અપડેટ્સ શેર કરતો હતો**

મુંબઈ, તા.૨૫

એક્ટર રોનિત રોયે સોશિયલ મીડિયા છોડવાની જાહેરાત કરી છે. તેણે જણાવ્યું છે કે પોતે જિંદગીમાં કેટલાંક પરિવર્તનો કરી રહ્યો છે અને તેના ભાગ રુપે તે સોશિયલ મીડિયા છોડી રહ્યો છે. તેણે માનસિક અને આધ્યાત્મિક સ્તરે ઉન્નતિ બાદ પોતે ફરી આ પ્લેટફોર્મ પર પાછો ફરશે તેવી ચાહકોને ખાતરી પણ આપી છે. રોનિત રોયના ઈન્સ્ટાગ્રામ પર દસ લાખ ફોલોઅર્સ છે. તે સોશિયલ મીડિયા પર અતિશય સક્રિય રહેતો હતો અને નિયમિત અપડેટ્સ શેર કરતો હતો. રોનિત બહુ ઓછી સેલિબ્રિટીઓમાંનો એક હતો જે સોશિયલ મીડિયા પર ચાહકોને મેસેજના જવાબ પણ આપતો હતો. જોકે, રોનિતે સોશિયલ મીડિયા છોડવા માટે કોઈ એક નક્કર કારણ જણાવ્યું નથી. પરંતુ, તેણે એક લાંબી ભાવનાત્મક પોસ્ટ દ્વારા આ જાહેરાત કરી છે. તેણે આ પોસ્ટમાં કોમેન્ટસ પણ બંધ કરી દીધી છે.

# અમરેલીમાં બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલય દ્વારા શાંતિયાત્રા યોજાઈ






પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ગુજરાત ઝોનની ૬૦ વર્ષની ઈશ્વરીય સેવાના ડાયમંડ જયુબિલી વર્ષની ઉજવણીના ભાગરૂપે અમરેલી શહેર તથા જેસીંગપરા ખાતે બિલિયન મિનિટસ ઓફ પીસ અપીલ પ્રોજેકટ અંતર્ગત ૫૦૦થી વધુ સેવાકેન્દ્રો ધ્વારા શાંતિમય સંસારના નિર્માણના લક્ષ્ય સાથે તા. ૨૩ ને રવિવારે એકજ સમયે અને એકજ દિવસે સવારના ૭ કલાકે શ્વેત વસ્ત્રધારી રાજયોગી ભાઈ બહેનો શાંતિદૂત બની શાંતિયાત્રામાં જોડાયા હતા. તેઓની મોનનામંત્ર સાથે શાંતિ આત્માનો સ્વધર્મ છે. અને શાંતિ આપણી શ્રેષ્ઠ સંસ્કૃતિ છે. તેવા શુભસંદેશા સાથે આ શાતિયાત્રાને ડીવાયએસપી અશોકસિંહ ગોહિલ તથા ડો. દવે તથા બ.કુ. ગીતાદીદીએ શાંતિયાત્રાને પ્રસ્થાન કરાવેલ આ યાત્રા સીનીયર સીટીઝન પાર્કથી પ્રસ્થાન કરી નાગનાથ મંદિર, જિલ્લા પંચાયત, મોટું બસ સ્ટેન્ડ, રાજકમલ ચોક રાજમાર્ગો પર પસાર થઈ શાંતિનો સંદેશો સમગ્ર શહેર અને વિશ્વમાં ફેલાવ્યો. સમાપના સ્થળે માનનિય જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્રાવાજ તથા નાયબ કલેકટર નકિયા શાંતિયાત્રાને શુભેચ્છાઓ પાઠવેલ. સાથે સાથે બ્રહ્માકુમારીઝ મન મના ભવન જેસીંગપરા ધ્વારા પણ જેસીંગપરાના મુખ્યમાર્ગો પરથી શાંતિયાત્રા પસાર થઈ શાંતિનો સંદેશો ફેલાવ્યો હતો. આ શાંતિયાત્રાનો મુખ્ય ઉદેશ્ય સર્વ માનવબંધુ માટે શાંતિનું પ્રેરક સ્ત્રોત બનવાનો હતો. તેમ. ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

## પાના ૧ ઉપરનું ચાલું ગરીબોનાં હકક હિસ્સાનાં

રહી છે.

વડિયાનાં અમરનગર માર્ગ ઉપર એક રીક્ષામાં રેશનિંગનાં ઘઉંનો જથ્થો જવાનો હોવાની આશંકાએ ઈન્ચાર્જ મામલતદારે તપાસ કરતાં ઘઉંનો અંદાજિત ૧૧૦૦ કિલો જેટલો જથ્થો ઝડપાતા રેશનિંગ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં શ્રમિકોએ

અમરેલીનાં સીનિયર સિટિઝનપાર્ક ખાતે અમરેલી જિલ્લામાં ખેતરમાં કામ કરતાં ખેતમજૂર મોટી સંખ્યામાં એકઠાં થયા હતાં. આ ખેતમંજૂર (ભાગિયા)ની હાલત પણ અમરેલી જિલ્લામાં દિવાળી પછી પડેલા કમોસમી વરસાદના કારણે ખેતીને ભારે નુકસાન થયેલ છે. જેને લઈ આવા ખેતમજુરની હાલત કફોડી બનતાં તેઓએ પણ આજે અમરેલી ખાતે એક વિશાળ રેલી યોજી હતી અને રેલી સ્વરૂપે જઈ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરેલ છે કે ખેડૂતોને જે રીતે રાહત પેકેજ આપેલ છે. ત્યારે ખેતરમાં કામ કરતાં ખેતમજુરને પણ પાક નિષ્ફળ જતાં ભારે નુકસાન થયેલ છે. ત્યારે ખેતમજુર (ભાગિયા)ને પણ રાહતનાં ૩૦ ટકા વળતર ચૂકવવાં માટેની માંગ સાથેનું એક આવેદનપત્રજિલ્લા કલેકટરને પાઠવેલ છે.

આ અંગે આદિવાસી સમાજના પ્રદેશ અધ્યક્ષ કદમસિંહ ગણાવાએ જણાવેલ છે કે તેમનાં સમાજ સાથે ભેદભાવ રાખવામાં આવેલ છે. તેઓની પોલીસ ફરિયાદ લેવાતી ના હોય તેમજ સીમ વિસ્તારમાં વસતાં આ સમાજ માટે સ્વચ્છતા અને શૌચાલયની વ્યવસ્થા આપવા માટેની માંગ પણ આવેદનપત્રમાં કરવામાં આવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં રખડતા પશુઓને

રખડતા પશુઓને સલામત સ્થળે ખસેડીને શહેરીજનોને પણ સલામત કરવાની જરૂર છે અને જાહેર માર્ગો પરનું દબાણ દૂર કરવું જોઈએ.

તદુઉપરાંત, શહેરમાં દર મહિને એકાદ કરોડ રૂપિયાનાં ખર્ચ બાદ પણ ગંદકીની સમસ્યા જડમુળથી દૂર થતી નથી. પોસ્ટ ઓફિસ પાછળ સહિતનાં વિસ્તારમાં હંમેશા ગંદકીનો માહોલ જોવા મળે છે. જે શહેરીજનો ગંદકી ફેલાવતાં હોય તેમની સામે પણ શાસકોએ કાર્યવાહી કરવી જરૂરી બની છે તેમજ મોટાભાગનાં જાહેર શૌચાલયો કાં તો બંધ અથવા તો નર્કાગારની હાલતમાં જોવા મળી રહ્યા છે તે અંગે પણ શાસકોએ કાર્યવાહી કરવી જરૂરી બની છે.

શહેરમાં છેલ્લા પાંચ વર્ષથી દિનપ્રતિદિન બંધ સ્ટ્રીટલાઈટની સમસ્યા ઘટવાને બદલે વધી રહી છે. પાલિકાની રોશની શાખામાં કર્મચારીઓ, સાધનો અને નિયતની પણ કમી જોવા મળી રહી છે.

આગામી વર્ષે પાલિકાની સામાન્ય ચૂંટણીઓ યોજાવાની હોય વર્તમાન શાસકોએ પાંચ વર્ષ પહેલા યોજાયેલ ચૂંટણીમાં આપેલ વચનોની યાદી નિહાળીને જે કોઈ આપેલ વચન પરિપૂર્ણ થયા ન હોય તે પૂર્ણ કરવા જોઈએ નહી તો શહેરીજનો પૂન: ભાજપને સત્તાનું સુકાન આપવામાં વિચાર કરતા થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૬૫ | ૧૨૩૧ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૦૦૦ | ૧૦૦૧ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૦૬૨ | ૧૩૧૬ |
| ૪ | શિંગ મોટી | ૭૧૦ | ૧૪૦૪ |
| ૫ | શિંગદાણા | ૧૧૪૦ | ૧૩૫૦ |
| ૬ | શિંગદાણા ફાડા | ૮૧૫ | ૧૨૩૦ |
| ૭ | તલ સફેદ | ૧૩૫૦ | ૨૪૧૦ |
| ૮ | તલ કાળા | ૨૫૦૦ | ૫૩૯૦ |
| ૯ | તલ કાશ્મીરી | ૧૯૨૫ | ૨૪૩૮ |
| ૧૦ | બાજરો | ૨૭૦ | ૪૫૨ |
| ૧૧ | જુવાર | ૪૯૦ | ૪૯૦ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૪૯૧ | ૫૫૨ |
| ૧૩ | ઘઉં લોકવન | ૪૮૧ | ૫૫૬ |
| ૧૪ | મકાઈ | ૨૦૨ | ૪૪૦ |
| ૧૫ | અડદ | ૭૨૦ | ૧૦૦૦ |
| ૧૬ | ચણા | ૯૦૦ | ૧૦૮૨ |
| ૧૭ | સફેદ ચણા | ૯૭૫ | ૧૦૭૫ |
| ૧૮ | તુવેર | ૯૫૦ | ૧૨૩૦ |
| ૧૯ | કપાસ | ૯૯૨ | ૧૫૭૫ |
| ૨૦ | એરંડા | ૧૦૫૨ | ૧૨૮૨ |
| ૨૧ | જીરૂ | ૩૧૦૦ | ૩૯૪૦ |
| ૨૨ | ધાણા | ૧૧૩૦ | ૧૭૫૨ |
| ૨૩ | અજમા | ૧૯૩૦ | ૧૯૩૦ |
| ૨૪ | મેથી | ૯૦૦ | ૧૦૦૦ |
| ૨૫ | સોયાબીન | ૬૪૦ | ૯૦૦ |
| ૨૬ | રજકાનું બી | ૭૬૦૦ | ૯૧૦૦ |
| ૨૭ | કાંગ | ૪૫૦ | ૪૫૦ |

## બાળ નાટ્ય તથા નૃત્ય નાટિકા સ્પર્ધામાં ભાગ લેવા અરજી કરવી

અમરેલી, તા. ૨૫

રમત ગમત યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અમરેલી દ્વારા જિલ્લા કક્ષા બાળ નાટ્ય તથા નૃત્ય નાટિકા સ્પર્ધાનું આયોજન આગામી સમયમાં થનાર છે. જેમાં પ્રાથમિક શાળામાં ભણતા બાળકોની વય મર્યાદા તા. ૩૧/૧૨/૨૦૨૪ના રોજ ૭ વર્ષથી ૧૩ વર્ષ સુધીના બાળકો માટે સ્પર્ધા યોજાશે.

સ્પર્ધામાં ભાગ લેવા માંગતી સંસ્થાઓ, પ્રાથમિક શાળઓએ તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં પોતાની એન્ટ્રી (પ્રવેશ ફોર્મ) જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, પ્રથમ માળ, બ્લોક સી, રૂમ નં. ૧૧૦, ૧૧૧, અમરેલી ખાતે રૂબરૂ અથવા ટપાલથી પહોંચાડવાની રહેશે. સ્પર્ધાના વિગતવાર કાર્યક્રમ વિશે એન્ટ્રી આવેલ સંસ્થાના સંચાલકને જાણ કરવામાં આવશે. વધુ માહિતી માટે ફોન નં. ૦૨૭૯૨ ૨૨૩૬૩૦ ઉપર સંપર્ક કરવા અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૮ | ૧૫૯૩ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૫ | ૧૪૭૬ |
| ૨ | કપાસ કોડી | ૯૬૦ | ૧૨૬૦ |
| ૩ | મગફળી | ૮૮૦ | ૧૨૫૨ |
| ૪ | જુવાર સફેદ | ૮૦૦ | ૧૦૨૧ |
| ૫ | સોયાબીન | ૭૬૫ | ૮૫૧ |
| ૬ | ઘઉં | ૪૭૦ | ૪૭૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૮૦ | ૧૫૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૫૦ |
| ૩ | મગફળી | ૧૦૧૧ | ૧૩૦૯ |
| ૪ | તલ સફેદ | ૧૭૧૫ | ૨૧૦૫ |
| ૫ | તલ કાળા | ૨૯૨૫ | ૪૫૧૫ |
| ૬ | જીરૂ | ૩૦૬૦ | ૪૦૩૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૮ | ચણા | ૯૫૫ | ૧૦૯૫ |
| ૯ | અડદ | ૯૫૦ | ૧૨૨૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૨ | ૮૪૮ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૧૯૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૪૦૧ |
| ૩ | તલ સફેદ | ૧૭૫૦ | ૨૨૮૧ |
| ૪ | તલ કાળા | ૩૧૫૧ | ૪૬૯૭ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૧૦૦ |
| ૬ | કપાસ | ૧૨૨૫ | ૧૫૪૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૫ | ૫૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૩ | ૫૯૧ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૫૯૩ |
| ૧૦ | જુવાર | ૭૩૩ | ૧૨૨૧ |
| ૧૧ | અડદ | ૮૧૦ | ૧૧૦૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૨૧૯ |
| ૧૩ | દેશી ચણા | ૧૧૭૦ | – |
| ૧૪ | તુવેર | ૧૨૦૦ | – |
| ૧૫ | મેથી | ૯૦૧ | – |
| ૧૬ | સોયાબીન | ૭૯૫ | ૮૮૫ |

## પાના ૧ ઉપરનું ચાલું બગસરાનાં હામાપુર ગામે

હુમલો કરી દીધો હતો અને બાળકને સિંહે મોં માં દબાવી નાસી છુટયો હતો. સિંહ બાળકને લઈ જઈ નાસી છુટતા આ બાળકની માતાએ રાડારાડ કરી મુકતા આજુબાજુમાં કામ કરતાં અન્ય લોકો આવી જતા અને સિંહની પાછળ દોડયા હતા પરંતુ સિંહે થોડી જ વારમાં આ બાળકને ફાડી ખાધો હતો.

આજના આ સિંહના હુમલાથી ખેતમજૂરી કરતાં લોકોમાં ભયનો માહોલ છવાયો છે. આ ઘટનાની જાણ વનવિભાગને કરવામાં આવતાં વનવિભાગ, બગસરા પી.આઈ. ગીડા સહિતનો સ્ટાફ હામાપુર ગામે દોડી આવ્યો હતો અને બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે બગસરા સરકારી દવાખાને ખસેડવામાં આવેલ હતો.

આ ઘટના બાદ વનવિભાગે પણ આ માનવભક્ષી બનેલા સિંહને પિંજરે પુરવા કવાયત હાથ ધરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલાનાં યુવકે ઘરબેઠા

સોશ્યલ મીડિયા થકી યુવક સાથે છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં રાજુલા ગામે આવેલ તત્વજયોતી રોડ ઉપર આહિર સમાજની વાડી પાસે રહેતા ઈરફાનભાઈ મહમદભાઈ શેખ નામનાં ૩૫ વર્ષિય યુવકના મોબાઈલ ફોનમાં ટેલીગ્રામ ચાલુ હતું. તેમાં એક અજાણ્યા આરોપીએ ટેલીગ્રામ Anaya Edwin નામના ટેલીગ્રામ યુજરનેમવાળાને ટેલીગ્રામ ઉપર યુવકને ટેલીગ્રામ ઉપર સંપર્ક કરવાનું કહેતા યુવકે તેમને ટેલીગ્રામ કરતાં બીજા આરોપીએ યુવકને મેસેજ કરી જોબ અંગે સમજાવી વિશ્વાસમાં લઈ WATCHED OF SWITZERLAND કંપનીમાં માર્કેટીંગ કરી ઘર બેઠા રૂપિયા કમાવવાની લાલચ આપી હતી અને તેમણે ત્રીજા અજાણ્યા આરોપી Finance_ Consultant (WOS) નામના ટેલીગ્રામ યુજરનેમવાળાને ફરીનો ટેલીગ્રામ સંપર્ક કરવાનું કહી આ ત્રીજા અજાણ્યા આરોપીએ યુવકને ટેલીગ્રામમાં સંપર્ક કરી મેસેજ ઉપર https://www.watchesofswizerland-login.com/task વાળી લીંકમાં કઈ રીતે રૂપિયા જમા–ઉધાર કરવા તે સમજાવી અને શરૂઆતમાં નફો કરાવી આપી યુવકને વિશ્વાસમાં લઈ બાદમાં આ લીંકવાળા એકાઉન્ટમાં ગત તા. ૩/૧૧નાં ૨:૫૨ કલાકથી તા. ૧૧/૧૧નાં બપોરનાં ૨ વાગ્યા દરમિયાન યુવક પાસેથી જોબ એરરના નામે અલગ અલગ એકાઉન્ટ નંબર આપી તેમાં યુવક પાસેથી કુલ રૂપિયા ૨,૬૨,૫૦૦ ટ્રાન્સફર કરાવી લઈ સોશ્યલ મીડિયા થકી યુવક સાથે છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૫ | ૧૪૫૨ |
| ૨ | કપાસ કોડી | ૮૧૦ | ૧૧૮૫ |
| ૩ | મગફળી | ૬૦૦ | ૧૧૨૧ |
| ૪ | ઘઉં | ૪૭૬ | ૫૩૬ |
| ૫ | ચણા | ૮૦૦ | ૧૦૭૫ |
| ૬ | તુવેર | ૯૧૦ | ૧૨૦૦ |
| ૭ | ધાણા | ૧૩૬૦ | ૧૬૦૦ |
| ૮ | બાજરો | ૩૩૧ | ૩૪૦ |
| ૯ | શીંગદાણા | ૧૧૭૦ | ૧૧૭૫ |
| ૧૦ | મેથી | ૧૦૪૧ | ૧૦૪૧ |
| ૧૧ | સોયાબીન | ૭૦૦ | ૮૭૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૫૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૨ | ૫૬૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૩૦ |
| ૪ | અડદ | ૮૦૦ | ૧૦૯૦ |
| ૫ | જુવાર | ૭૩૦ | ૭૫૦ |
| ૬ | ચણા | ૮૦૦ | ૧૦૪૦ |
| ૭ | ધાણા | ૧૧૦૫ | ૧૮૫૧ |
| ૮ | તુવેર | ૭૧૫ | ૧૦૭૦ |
| ૯ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૦ | લસણ | ૩૦૦ | ૫૦૫ |
| ૧૧ | તલ સફેદ | ૨૨૬૦ | ૨૨૬૦ |
| ૧૨ | સોયાબીન | ૫૫૦ | ૯૦૦ |
| ૧૩ | સીંગફાડા | ૮૪૫ | ૧૦૨૫ |
| ૧૪ | મગફળી | ૬૭૦ | ૧૧૧૧ |
| ૧૫ | ચણા છોલે | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૬ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૦૫ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાની બેન્કોમાં

એકાઉન્ટમાં ૧૦ વર્ષ કે તેથી વધુ સમય સુધી કોઈ ટ્રાન્ઝેકશન ન થાય તો તે ખાતામાં પડેલી રકમ બિનદાવાપાત્ર (અનકલેમ્ડ) ગણાય છે. આ રકમમાં કરંટ એકાઉન્ટસ, સેવિંગ્સ એકાઉન્ટસ અને ફિકસ્ડ ડિપોઝિટસનો પણ સમાવેશ થાય છે. જોકે, કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી છે કે આ દાવા વગરના પૈસા સંપૂર્ણપણે સલામત છે અને સરકાર તેના રક્ષક તરીકે માલિકોને પરત કરવા માટે કટિબદ્ધ છે.

આ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા સ્તરીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રાહકોને તેમની અનકલેમ્ડ ડિપોઝિટનો દાવો કરવામાં બેંકો દ્વારા સીધી મદદ પૂરી પાડવાનો છે. આ કેમ્પ ૨૮ નવેમ્બર, ૨૦૨૫ શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે દિલીપ સંઘાણી ટાઉન હોલ, અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંકની સામે યોજાશે. કેમ્પમાં બેંક અધિકારીઓ ગ્રાહકોને તેમની અનકલેમડ ડિપોઝિટસ, એકાઉન્ટસ અને ડીઈએએફ (ડિપોઝિટર એજયુકેશન એન્ડ અવરનેસ ભંડ) કલેમ સંબંધિત સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન પૂરૂં પાડશે, જેથી તેઓ સરળતાથી તેમની મૂડીનો દાવો કરી શકે.

કેન્દ્રીય નાણાં મંત્રાલય દ્વારા શરૂ કરાયેલા આ ત્રણ મહિનાના વિશેષ અભિયાન થકી સરકાર દ્વાર લોકોમાં જાગૃતિ ફેલાવવા પ્રયાસો કરવામાં આવનાર છે. જિલ્લાના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે તેઓ આ કેમ્પનો લાભ લે અને તેમના લાંબા સમયથી પડેલા બિનદાવાપાત્ર નાણાંનો દાવો કરીને પોતાનો કાયદેસરનો હક પાછો મેળ વે. આ અભિયાન નાગરિકોને તેમની આર્થિક મૂડી પાછી મેળવવાની એક સુવર્ણ તક પૂરી પાડે છે.

## :: જાહેર નોટિસ ::

આથી જાહેર જનતાને નોટિસ આપી જણાવવાનું છે કે, અમારા અસીલ અલ્તાફભાઈ વલીભાઈ જુનેજાના દ્વારા ધારી ગામે દર્શાવેલ અસલ દસ્તાવેજો તથા તેના સંલગ્ન કાગળો (જેને હવે પછી ''દસ્તાવેજો'' તરીકે ઉલ્લેખ કરેલ છે) કે જે દસ્તાવેજો નીચે કોષ્ટકમાં વર્ણવેલ મિલકત (વિગત સહ મિલકતનું વર્ણન કોષ્ટકમાં વર્ણવેલ છે) તે સંબંધે દસ્તાવેજો ધારી ગામમાં પડી જવાથી મિસ્પ્લેસ થયેલ છે અને જે અંગેની પોલીસ જાણ કરેલી છે અને ધારી પોલીસે તે અંગેનું સર્ટી ગત તા. ૨૪/૧૧/૨૦૨૫ ના ઈસ્યુ કર્યુ છે.

(૧) રજીસ્ટર દસ્તાવેજ નં.૧૧૩૨, તા.૧૭/૧૧/૧૯૭૭ ના રોજ જાદવજીભાઈ લક્ષ્મણભાઈ નાકરાણીના તરફે અનંતરાય લખુભાઈ વિ ના એ કરી આપ્યો તે.

(૨) રજીસ્ટર દસ્તાવેજ નં.૫૫૭, તા.૧૮/૧૨/૨૦૦૧ ના રોજ કિરીટભાઈ સુરીગભાઈ બસિયા તરફે સંજયકુમાર કેશુભાઈ સોજીત્રા ના એ કરી આપ્યો તે.

(૩) રજીસ્ટર દસ્તાવેજ નં.૪૭૪, તા.૧૮/૦૯/૧૯૯૩ ના રોજ સંજયકુમાર કેશુભાઈ સોજીત્રા તરફે લાલજીભાઈ લક્ષ્મણભાઈ નાકરાણી ના એ કરી આપ્યો તે.

આમ ઉપરોકત વિગતેના અસલ દસ્તાવેજો અમારા અસીલ દ્વારા ધારી ગામમાં પડી જવાથી રસ્તામાં ખોવાય ગયેલ છે જો કોઈ વ્યકિતના કબ્જા હેઠળ ઉપર દર્શાવલ મુજબના દસ્તાવેજો રહેલા હોય અગર તો આ સંબંધે કોઈને માહિતી કે જાણ હોય તો નીચે દર્શાવેલ સરનામાં ઉપર અમોને જાણ કરશો.

જાહેર જનતાને નોટિસ આપી જણાવવાનું થાય છે કે, આ દસ્તાવેજો સંબંધે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહિ અને આ દસ્તાવેજો સંબંધેનો કોઈપણ વ્યવહાર અગર તો દસ્તાવેજ મેળ વીને તારણ ઉપસ્થિત કરવું અગર તો કોઈપણ પ્રકારની કાર્યવાહી કરશે તો તેઓ પોતાની જવાબદારીએથી કાર્યવાહી કરવાની રહેશે. તેમજ તે સંબંધે કોઈપણ પ્રકારનું નુકસાન અંગેની જવાબદારી અમારા અસીલની રહેશે નહીં. તેમજ આ સંબંધે કંઈપણ વ્યવહાર કરેલો હોય તો દિન – ૦૭ માં નીચેના સરનામે અમોને જાણ કરશો. સમય મુદ્દત બાદ અમારા અસીલ તેમની આ ઉપરોકત દસ્તાવેજની સર્ટીફાઈડ / બીજી પ્રત મેળવી આગળની કાર્યવાહી કરશે.

:: મિલકતનું કોષ્ટક ::

રહેણાંક મિલકત (૧) રેવન્યુ સર્વે નં. ૫૧૨ અને ૫૧૨/૧, પ્લોટ નં ૫ પૈકી દક્ષીણ તરફની જમીન જેનું ક્ષેત્રફળ ૧૬૭–૨૨ ચો.મી. તથા (૨) રેવન્યુ સર્વે નં. ૫૧૨ અને ૫૧૨/૧, પ્લોટ નં ૫ પૈકી ઉત્તર તરફની જમીન જેનું ક્ષેત્રફળ ૯૭–૧૭૩ ચો.મી. મુ. ધારી, તા. ધારી, જી. અમરેલી

**વિમલ પી. પોપટ, એડવોકેટ**

સેવાસદન થી સીવીલ હોસ્પિટલ રોડ, જીલ્લા પંચાયત ઓફીસ પાછળ, અમરેલી – ૩૬૫૬૦૧ મો.નં.: ૯૪૨૮૭ ૯૩૪૨૦

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૧ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૫૦ |
| ૩ | તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૪ | તલ પીળા | ૨૦૮૧ | ૨૨૦૦ |
| ૫ | કપાસ | ૭૦૦ | ૧૪૮૫ |
| ૬ | બાજરો | ૩૩૧ | ૬૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૯૩ |
| ૮ | જુવાર | ૯૦૦ | ૧૦૨૩ |
| ૯ | મકાઈ | ૬૦૦ | ૬૦૦ |
| ૧૦ | મગ | ૭૦૦ | ૧૮૦૦ |
| ૧૧ | મઠ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૨ | અડદ | ૬૫૧ | ૧૦૩૧ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | ચણા | ૯૫૦ | ૧૦૬૨ |
| ૧૫ | મેથી | ૯૧૧ | ૯૧૧ |
| ૧૬ | સોયાબીન | ૬૨૫ | ૮૪૦ |

### માર્ગ-મકાન વિભાગ દ્વારા ધમધમાટ

# કુંકાવાવ : નેશનલ હાઈવેથી રામપુર ગામને જોડતા રોડનું નવિનીકરણનું કામ પૂરજોશમાં શરૂ

## બાબરાના રાયપુર-સમઢીયાળા રોડની પણ નવિનીકરણની થતી કામગીરી

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ - પંચાયત હસ્તકના રસ્તાઓના નવીનીકરણની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી છે. જેમાં 'મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના' હેઠળ કુકાવાવ તાલુકામાં નેશનલ હાઈવેથી રામપુર ગામને જોડતા રોડનું નવીનીકરણનું શરૂ કરવામાં આવ્યું છે. આ રામપુર એપ્રોચ રોડના રીર્ફેસિંગથી આસપાસના ગામ લોકોનું પરિવહન સરળ બનશે. તેવી જ રીતે બાબરા તાલુકાના રાયપુર - સમઢીયાળા રોડની પણ નવીનીકરણની કામગીરી કરવામાં આવી રહી છે. આ રોડથી ખાસ રાયપર, નીલવાડા, ચરખા તેમજ આસપાસના ગામના લોકોની પરિવહન સુવિધામાં વધારો થશે. તેમ માર્ગ અને મકાન પંચાયત વિભાગના કાર્યપાલક ઈજનેરે જણાવ્યું હતું.

### પોસ્ટ ઓફિસનાં ગ્રાહકોમાં નારાજગી

# કુંકાવાવ મોટીની પોસ્ટ ઓફિસમાં જરૂરી કર્મચારીઓનો અભાવ જોવા મળે

## ઉચ્ચ અધિકારીઓ યોગ્ય કરે તેવી માંગ

અમરેલી, તા. ૨૫

અમરેલી ડીવીઝનની કુંકાવાવ પોસ્ટનો વહિવટ કથળીને સાવ ખાડે ગયો છે. તાલુકા કક્ષાની પોસ્ટ ઓફિસમાં ફકત એક કર્મચારીથી તંત્ર ગાડુ ચલાવે છે. બે-બે કલાર્ક તથા એક પોસ્ટ માસ્તરની જગ્યા ધરાવતી પોસ્ટ ઓફિસ ઘણા સમયથી એક જ વ્યકિત પાસે જવાબદારી હોવાથી જનતાનાં કામ થતા નથી. એક કર્મચારીને સતત બીજી ઓફિસમાં ડેપ્યુરેશન આપી વહીવટ ચલાવે છે. કાઉન્ટર ઉપર કોઈ હાજર હોતુ નથી. પોસ્ટ માસ્તર પોતાના ટેબલ ઉપર પોતાનુ કામ કરતા હોય છે. ખાતેદારને ધકકા ખવડાવે છે સર્વર ડાઉન છે. નેટ નથી ચાલતુ આવા જવાબ મળે છે. અમરેલી ડીવીઝનમાં ફોન કરતા કહે છે. કે અમે સુચના આપી દીધેલ છે. તમારૂ કામ થઈ જશે અથવા લેખિતમાં ફરિયાદ મોકલો આવુ જણાવવામાં આવે છે તો શું? અમરેલી વડી ઓફિસને ખબર નથી કે એક જ કર્મચારી તે ૧૦ ડેપ્યુરેશનમાં મુકેલ છે.

તાત્કાલીક બીજા કર્મચારી મુકી વ્યવસ્થા તંત્ર કરે તેવી માંગ થઈ રહી છે.

### મતદાર યાદી સુધારણા કાર્યક્રમને વેગવંતો બનાવવા

# અમરેલી જિલ્લા ભાજપના આગેવાનો 'SIR' અભિયાનની વિશેષ બૂથ ડ્રાઈવમાં જોડાયા

## મતદારોને સહયોગી બની મદદરૂપ થઈ રહ્યા છે



અમરેલી, તા. ૨૫

ભારતના ચૂંટણી પંચ દ્વારા ચાલી રહેલા 'SIR' (Special Intensive Revision) એટલે કે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત અમરેલી જિલ્લામાં ૨૩ નવેમ્બર, ૨૦૨૫ (રવિવાર) ના રોજ એક વિશેષ બૂથ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. મતદાતાઓને વધુ સચોટ અને ઝડપી સેવા મળી રહે તે હેતુથી દરેક મતદાન મથક પર સરકારી BLO (બૂથ લેવલ ઓફિસર) હાજર રહી મતદાર યાદી સુધારણાનું કાર્ય કર્યુ હતુ. આ લોકશાહીના પર્વ સમાન અભિયાનને વધુ વેગવંતુ બનાવવા અને નાગરિકોને જાગૃત કરવાના ઉમદા હેતુથી અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ચૂંટાયેલા પદાધિકારી, સંગઠનના આગેવાનો સહિત ભાજપના આગેવાનોને પોતાના મતદાન બૂથ પર અને અન્ય બૂથ પર જઈને કામગીરીમાં મદદરૂપ થવા માટેનું આહવાન કરવામાં આવ્યું હતું.જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ જણાવ્યું હતું કે, SIR એટલે મતદાન સુધારણા કાર્યક્રમ એ આપણો પોતાનો છે. એમ માનીને સૌએ એમાં સહકાર આપવો જોઈએ. રવિવારના રોજ જે સ્પેશ્યલ બૂથ ડ્રાઈવ ચલાવવામાં આવી એમાં વધુમાં વધુ ફોર્મ ભરાઈ જાય અને મતદાતાઓ પોતાનું કામ સરળતાથી કરી શકે એ માટે બૂથ પર આગેવાનો અને કાર્યકર્તાઓ મદદમાં રહ્યાં હતાં. આ વિશેષ બૂથ ડ્રાઈવ દરમિયાન જિલ્લા ભાજપના તમામ આગેવાનો પોતપોતાના નિર્ધારિત બૂથ પર હાજર રહીને બીએલઓને મદદરૂપ બન્યા હતા.

ગુજરાત સરકારના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા અમરેલી તાલુકાના મોટા માચિયાળાના બૂથ નંબર ૧૨૬, ૧૨૭ અને નાના માચિયાળાના બૂથ નંબર ૧૩૦ અને ૧૩૧ સહિત વિવિધ બૂથ પર હાજર રહ્યાં હતાં. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી ધારી તાલુકાના પ્રેમપરા, હરીપરા અને નવી વસાહત સહિતના વિસ્તારના બૂથોમાં જોડાયા હતાં. સાંસદ ભરતભાઈ સુતરિયાએ તેમના પ્રવાસ દરમિયાન લોકસભાના વિવિધ ગામોના બૂથો પર મુલાકાત લીધી હતી.રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ શિયાળબેટ, ચાંચ, વિકટરથી છતડિયા સુધીના વિવિધ બૂથો પર જયારે લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ કાચરડી, નારણગઢ, દામનગરથી લુણકી સુધીના બૂથો પર જઈને બૂથ લેવલ ઓફિસર અને મતદાતાઓ સાથે ચર્ચા વિમર્શ કરી હતી. જયારે ધારીના ધારાસભ્ય જે વી કાકડિયાએ ધારી, ડેરી પીપરીયાથી લઈને રાયડી સુધીના બૂથોમાં જઈને કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. તદુપરાંત સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પણ આ અભિયાન અંતર્ગત સાવરકુંડલા શહેરનાન વિવિધ બૂથો પર SIR કામગીરીમાં મદદરૂપ થવા બૂથ પર જઈને કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગુરૂ તેગબહાદુરને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ



અમરેલી, તા. ૨૫

શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રાષ્ટ્રિયતાની પ્રેરણા સમાન શિખોના નવમાં ગુરૂ તેગબહાદુરની શહિદી તા. ૨૪/૧૧/૨૦૨૫ના રોજ સવારની પ્રાર્થનામાં શ્રદ્ધાંજલીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયાએ પ્રેરક હાજરી આપી અને ગુરૂ તેગબહાદુરની શહિદી માટેની પૂર્વ ભૂમિકા અને ઓરંગઝેબની ક્રુરતા તેમજ તેના ચાર શિષ્યોના બલીદાનની ધર્મ પ્રત્યે અડગતાની પ્રેરણાદાયી વાત કરી હતી.

તેમજ જુદા જુદા વિદ્યાર્થીઓએ પણ આ પ્રસંગે શિશગંજ ગુરૂ દ્વારા અને રકાલગંજ ગુરૂ દ્વારા વિષે પ્રસંગો રજૂ કર્યા હતા.

સમગ્ર સંસ્થાના સક્રિય પ્રયાસોથી રાષ્ટ્રભકિતની મિસાલ જેવા ગુરૂ તેગબહાદુરને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.

# ચલાલા : પરબડીનાં રાજસ્વી પરિવારનાં હીરબાઈમાંનું ૧૦૯ વર્ષે દુ:ખદ અવસાન થતાં ઘેરો શોક



ચલાલા, તા. ૨૫

ધારી તાબાનું પંખીના માળા જેવડું રજવાડી પરબડી ગામ ને તોરણ બાંધનાર દરબાર રાવતવાળા બાપુ પરિવાર આશરા ધર્મ આદર આવકાર ન્યાય નીતી ધર્મ પરોપકારી અને કોઈ પણ અતીથીઓને હૈયાંનાં ભાવથી સાચવવા અને કોઈ પણ સમાજનાં નોધારા ને આધાર અને આપબળ આપવાએ આજ દિવસ સુધી પ્રજા વત્સલ રાજવી પરિવારની પરંપરા અને સંસ્કાર રહ્યાં છે.

ત્યારે આ જાજરમાન પરિવારનાં દરબાર સ્વ.કાળુબાપુ રાવતબપુ વાળાનાં ધર્મપત્ની સ્વર્ગસ્થ હીરબાઈમાનું ૧૧૮ વર્ષની જૈફ વયે અવસાન થતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વર્ગસ્થ હિરબાઈએ પોતાના સમગ્ર જીવન પર્યન્ત અને જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતાનાં પરિવાર સગાં સ્નેહી સ્વજનો આંગણે આવતાં અતીથીઓને પોતાનાં સ્વજન જાણી વ્હાલ વરસાવનાર વ્હાલપનાં મીઠાં મહેરામણ સમાન સ્વર્ગસ્થ હિરાભાઈમાં પરબડીમાં આવનાર કોઈ પણ અતીથી અભ્યાગત કે ભિક્ષુકો ને પણ અન્ન પાણી અને આશરો આપનારાં સ્વર્ગસ્થને તેમનાં પરિવાર સહિત સૌ કોઈ એ માંનો દરજ્જો અને બિરૂદ આપ્યું તેવાં સ્વર્ગસ્થમાં એ પોતાના પરિવારનાં દરેક સભ્યોને પોતાનાં પરિવારનાં સંસ્કાર સભ્યતા સંસ્કૃતિ સત્ય પ્રેમ અને કરૂણાનાં વંશ પરંપરાગત સંસ્કારોની ઉજળી ધરોહરનું જીવથી વધું જનત કરી જાળવવા હરહંમેશ પ્રેરણા આપનાર સ્વર્ગસ્થમાં પાસે રાજાશાહીથી આજ દિવસ સુધીનાં દરેક સમયનાં ચડાવ ઉતાર આપણાં પૌરાણિક રીત રિવાઝ અને પરંપરાની વાતો સાંભળવી એ સૌ કોઈ માટે જીવનનો લહાવો હતો. ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે માંની મીઠપ એટલી કે આજે આશરે ૧૫૦ વર્ષથી આખું કુટુંબ સંયુક્ત રીતે સ્નેહનાં તાંતણે બંધાઈ એક સંપથી અને એક રસોડે રહે છે. ત્યારે સ્વર્ગસ્થ માંની મહેમાનગતી માણવા ખુદ રાજ રાજશ્વેરી ભગવતી આઈ રાજબાઈ માં પરબડી મુકામે પધારતા ત્યારે આ સમગ્ર પરિવાર માં સંસ્કાર સદભાવના શિસ્ત સભ્યતા અને સંસ્કૃતિની પરંપરાનું સતત જતન કરવાનો બોધપાઠ આપનાર અને સત્ય પ્રેમ કરૂણા અને વાત્સલ્યનાં મીઠાં વિરડા સમાન સ્વર્ગસ્થ હિરાબાઈમાંનાં અવસાનથી તેમનાં પરિવાર જ નહી પણ સગાં સ્નેહી સ્વજનો અને દરેક સમાજનાં લોકોએ પોતાના સ્વજન ગુમાવ્યાંનો ભારે વસવસો છે. ત્યારે છેલ્લા ઘણાં વર્ષોથી પરબડી મુકામે પ્રતિનિધીત્વ કરતાં મંગળુભાઈ કાળુબાપુ વાળા તથા સરપંચ જસાભાઈ વાળા તથા ભુપતભાઈ વાળા સહિત સમગ્ર વાળા પરિવાર પર આવી પડેલ દુખની ઘડીએ તમામ ક્ષેત્રનાં શ્રેષ્ઠીઓ વાળા પરિવારને સાંત્વના પાઠવી સ્વર્ગસ્થ હિરબાઈમાં ને શ્રધ્ધાંજલી અર્પણ કરી રહ્યાં છે. તદ ઉપરાંત આજ વાળા પરિવારમાં જ સ્વર્ગસ્થ હિરબાઈમાંનાં પૌત્રનાં લગ્ન પ્રસંગ પણ હોવાથી સ્વર્ગસ્થની ઉત્તરક્રિયા એટલે દશા તારીખ. ૨૯/૧૧/૨૦૨૫ ને શનિવાર અને પાણીઢોળ તારીખ. ૩૦/૧૧/૨૦૨૫ ને રવીવારનાં રોજ રાખેલ તેવી અખબારી યાદીમાં બાબાભાઈ ઉનડભાઈ વાળા જણાવે છે.

# કેરાળા (કમી) ગામે ત્રિદિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ



ચલાલા, તા. ૨૫

ધારી તાલુકાના કેરાળા (કમી) ગામે શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરમાં શ્રી પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપની પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થાશે ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વરૂપ જુનાગઢ પતિ શ્રી રાધા રમણ દેવ મહારાજ ના તાબાનું ગામ કેરાળા (કમી) મુકામે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી અજેન્દ્ર પ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞાથી તેમજ પ.પૂ.૧૦૮ ભાવિ આચાર્યશ્રી નુગેન્દ્ર પ્રસાદજી મહારાજ શ્રી ના વરદ હસ્તે વેદોકત વિધિથી શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરમાં શ્રી પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપની પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થાશે.. આ મહોત્સવ તા. ૨૪/૧૧/૨૦૨૫ થી તા. ૨૬/૧૧/૨૫ ના શુભ દિને ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા વિષ્ણુયાગનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવેલ છે.. આ દિવ્ય અને ભવ્ય મહોત્સવમાં વિશેષ ગઢપુર તથા વડતાલ અને જુનાગઢ આદિ ધામોધામ થી વંદનીય સંતો-મંહતો પધારશે તો આ દિવ્ય પ્રસંગે વિશેષ યજ્ઞ નારાયણ દેવના દર્શન, સંત સભા, સાક ઉત્સવ, સમુહ ભોજન પ્રસાદ, તા. ૨૫ રાત્રીના હાસ્ય સમ્રાટ મનસુખભાઈ વસોયા નો કાર્યક્રમ તેમજ નૂતન મંદિરના દર્શન અને ઉપસ્થિત સંતો મહંતોના આર્શીવચન પામવા સહિતના દરેક ધાર્મિક કાર્યક્રમમાં આ પંથકના તમામ ભાવિક ભક્તજનોને ઉપસ્થિત રહેવા શ્રી સ્વામિનારાયણ સત્સંગ પરિવાર સમસ્ત કેરાળા (કમી) ગામ દ્વારા જાહેર નિમંત્રણ આપવામાં આવે છે.






### બ્યુટી પાર્લર, મંડપ ડેકોરેશન, કેટરીંગનાં ધંધામાં તેજી

# સાવરકુંડલા : એક તરફ કડકડતી ઠંડીનો માહોલ અને બીજી તરફ લગ્નસરા મોસમ

## ફોટોગ્રાફી, વિડીયો ગ્રાફીનાં ધધામાં તેજીનો માહોલ



સાવરકુંડલા, તા. ૨૫

હાલ હમણા થોડા સમય પહેલા જ કુદરતી કહેર કમોસમી વરસાદ માવઠાનો સમય પસાર થયો. આ કમોસમી વરસાદને કારણે ખેડૂતોને પડેલો અસહ્ય ફટકો અને ખેતી સાથે સંકળાયેલા લોકોને પણ આર્થિક રીતે ખાસ્સું નુકસાન થયું. પરંતુ સમય કાળે સમય સમયનું કામ કરે એ સૂત્ર સાથે હવે કડકડતી ઠંડી અને શિયાળામાં લગ્નસરાની મોસમ જામી. લોકો પોતાના સ્નેહીજનોના ઘરે યોજાયેલ લગ્ન સમારંભમાં નવા કપડા અને આભૂષણો સાથે બ્યુટી પાર્લરમાં સજી ધજીને લગ્નનો માહોલ માણતા જોવા મળ્યા. કોઈ વરઘોડામાં રથ પર સવાર થઈને શહેરના જાહેર માર્ગો પર નીકળતા જોવા મળેલ. તો કોઈ મોટર કાર ઘોડા પર પણ સવાર થઈને લગ્નની આ અનોખી મોજ માણતાં જોવા મળેલ. જેના લગ્ન થવાના છે એના માતાપિતાનો કંઈક અલગ જ મિજાજ જોવા મળેલ. તો આ નિમિતે ઠેર ઠેર સ્વરૂચિ ભોજન અને દાંડિયા રાસ જેવા કાર્યક્રમો યોજાયા. શહેરની તમામ જ્ઞાતિ વાડીઓ આ લગ્નસરાની મોસમમાં બુક થઈ ગયેલ જોવા મળેલ. તો થોડા માલદાર લોકો તો રિસોર્ટ ખાતે લગ્નની તમામ વિધિઓ યોજતા જોવા મળેલ. એકંદરે કમોસમી માવઠાનું દર્દ ભૂલીને પોતાના વ્હાલસોયા સંતાનને લગ્નજીવન પવિત્ર બંધનમાં જોડવામાં આ પ્રસંગ તમામ પોતપોતાના શક્તિ મુજબ ભવ્ય રીતે ઉજવવામાં મસ્ત થયાં. જો કે લગ્નસરાની મોસમ હોય એટલે તમામ દુકાનદારોને પણ જોરદારઘરાકી જોવા મળી. ઘણા તો દેણું કરીને સમાજને બતાવી દેવા ભવ્ય જલસો યોજતા જોવા મળેલ છે. એકંદરે લગ્નએ જીવનનો અણમોલ પ્રસંગ કહેવાય એટલે આ સમયે કોઈ કચાશ ન રહી જાય તે બાબતે સતત દોડધામ કરતાં પણ જોવા મળેલ. ડિસ્કો ડી. જે. બેન્ડ વાજા, અને વિસરાતા જતાં ઢોલ શરણાઈનો પણ આ લગ્નસરાની મોસમમાં પુષ્કળ ઉપયોગ કરવામાં આવેલ

એકંદરે કહીએ તો આપણાં લગ્ન શાનદાર અને લોકો કાયમ માટે યાદ કરે તે સંદર્ભે સૌ પોત પોતાની શક્તિ મુજબ લગ્નના સમારોહને ભવ્યાતિભવ્ય બનાવવા કોશિશ કરતા જોવા મળ્યા હતા. ફોટોગ્રાફી વિડિયો ગ્રાફી પ્રિ વેડિંગ પોસ્ટ વેડિંગ જેવા શૂટિંગનો કેમેરામાં કેદ કરી જીવનનું કાયમી સંભારણું બની રહે તે માટે હોડ કરતાં જોવા મળ્યા. ભોજન સમારંભમાં પણ અવનવી ખાદ્ય સામગ્રી સાથે અવનવી આઈટમો દ્વારા લોકો પણ ભરપેટ ભોજન કરતાં જોવા મળ્યા.

### ખેલાડીઓ એક પછી એક સિધ્ધિ પ્રાપ્ત કરે છે

# અરે વાહ : અમરેલી વિદ્યાસભા DLSS હોકી ટીમ રાજયનુ રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે

## ખેલાડીઓએ ઈન્ટરનેશનલ લેવલે જવાનો લક્ષ રાખવો જોઈએ : વસંત ગજેરા



અમરેલી, તા. ૨૫

જવાહરલાલ નહેરૂ અંડર-૧૭ ભાઈઓ હોકી ટુર્નામેન્ટનું આયોજન સુરત મુકામે થયું હતું, તેમાં જિલ્લાની અલગ-અલગ શાળાઓ માંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ પાર્ટિસિપેટ કરેલ જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલ DLSSની હોકી ટીમેં ઉત્કૃષ્ટ ખેલ પ્રદર્શન કરીને રાજય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવી પ્રભાવશાળી સિદ્ધિ હાંસલ કરી છે. જેમાં બારીયા કુલદીપ, ગોહિલ યુગ, મંજુસા દર્શન, ભાડજા વીર, મોરી વિક્રમ, સોલંકી જયદીપ, સોલંકી જયવીર, બારૈયા ગૌતમ, પરમાર શિવાંગ રીયા ઈન્દ્રસિંહ જેઠવા અક્ષય મુસાગરા અલ્કેશ, સૈયદ અયાન, પટેલ વંશ, રાબડીયા રૂદ્ર, મકવાણા સુજલ ખેલાડીઓના શ્રેષ્ઠ રમત કૌશલ્ય, દઢ સંકલ્પ અને સતત મહેનતના પરિણામ સ્વરૂપ ટીમના પ્રતિભાશાળી ખેલાડીઓની નેશનલ લેવલ માટે પસંદગી થઈ છે જેઓ ૨૫/૧૧/૨૦૨૫ થી ૪/૧૨/૨૦૨૫ના રોજ નેશનલ કક્ષાએ સ્પર્ધામાં દિલ્હી મુકામે રમવા જશે. આ ખેલાડીઓ અમરેલી જિલ્લાનું નામ રાજયકક્ષાએ રોશન કરેલ. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિયમિત પ્રેક્ટિસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પૂરૂ પાડવામાં આવે છે જેથી વધુ સારી રીતે રમત-ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓ ઉજવળ કારકીર્દી બનાવી શકે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ અને કોચ ભોજિયા સંજયભાઈ અને માલકીયા સાર્થિકભાઈને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### જિલ્લા સહકારી સંઘ દ્વારા

# અમરેલી : શ્રેષ્ઠ કામગીરી કરનાર શરાફી મંડળીને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત

## યુવા નેતા મનિષ સંઘાણીએ કર્યુ સન્માન



અમરેલી, તા. ૨૫

ગુજરાત રાજય સહકારી સંઘ માર્ગદર્શન હેઠળ પ્રતિ વર્ષ દ્વારા પ્રતિવર્ષ રાજયના જિલ્લાઓમાં સારૂં કામ કરનાર જુદા જુદા પ્રકારની મંડળીઓ માટે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવા માટેની હરીફાઈ યોજવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે સને ૨૦૨૪-૨૫મા સારૂં કામ કરનાર શરાફી મંડળીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા. જેમાં અમરેલીમા શ્રેષ્ઠ કામગીરી કરનાર પ્રથમ ત્રણ શરાફી મંડળીઓમાં પ્રથમ સ્થાને ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળી લી.-ચલાલા ,દ્રિતીય સ્થાને સરદાર પટેલ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી. - અમરેલી ,તૃતીય સ્થાને આશિષ સરાફી સહકારી મંડળી લી.-બગસરા આવેલ જેઓને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના વરદ હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવામા આવ્યા હતા.

હવે આપના અમરેલીમાં એમ.ડી.મેડીસીન ડોક્ટર નિયમિત મળશે.
હૃદયના એટેકની સારવાર, તમામ પ્રકારની ઝેરી દવાઓ (પોઈઝન).વીછી, સર્પદંશ તથા કોઈપણ પોઈઝનને લગતી ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ. ક્રીટીકલ અને આઈ.સી.યુ.ના દર્દીની સારવાર, બધા પ્રકારના વા ની સારવાર, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનું નિદાન અને સારવાર, ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ તથા તમામ પ્રકારના તાવનું નિદાન અને સારવાર. ન્યુમોનિયા, ટીબી, શ્વાસ(દમ) તથા ફેફસાના રોગોનું નિદાન અને સારવાર, પેટના રોગો, ઝાડા, ઉલટી, કોલેરા વગેરે રોગોનું નિદાન અને સારવાર આધાશીશી, અનિંદ્રા, બેચેની, ચક્કર, શરીરની નબળાઈ (Weakness) ખાલી ચડવી. નસના દુઃખાવા તથા કોરોનાનું નિદાન અને સારવાર. પેરાલીસીસ (લકવો)નું નિદાન અને સારવાર તથા ભૈયની સારવાર ઉપલબ્ધ. કિડનીના રોગો, લીવરના રોગો, થાઈરોઈડ, કમળો, સંધીવા વગેરે રોગોનું નિદાન અને સારવાર રાહત દરે ઉપલબ્ધ.
ફિઝિશિયન વિભાગ
હૃદયના રોગો | ફેફસાંના રોગો | ડાયાબિટીસ | પેરાલિસિસ | ઝેરી દવાઓ (પોઈઝન)
સોમવાર થી શનિવાર, સમય : સવારે ૦૯:૩૦ થી ૦૨,સાંજે ૦૫ થી ૦૮



ડો. વિજય મકવાણા
(M.B.B.S., M.D.Medicine)
Consultant Physicin &
Cardio-Diabetcologist
Critical Care & ICU Specialist
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ) એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## શહેરમાં બંધ સ્ટ્રીટલાઈટ, ગંદકીથી ખદબદતા શૌચાલયોની સમસ્યા દૂર કરવાની સાથે

# અમરેલીમાં રખડતા પશુઓને સલામત સ્થળે ખસેડો

જાહેર માર્ગો અને ફૂટપાથ પર થયેલ વ્યાપક દબાણને પણ દૂર કરવા જરૂરી બન્યા છે

પાલિકાની સામાન્ય ચૂંટણી આગામી વર્ષે યોજાવાની હોય શાસકો અગાઉ આપેલ વચન પરિપૂર્ણ કરે

શહેરીજનોમાં અપાર ધીરજ શક્તિ હોવાનો ગેરલાભ શાસકોએ ન લેવો જોઈએ

જિલ્લાનાં મુખ્ય મથકને સુંદર અને રળિયામણુ બનાવવાની સૌથી મોટી જવાબદારી પાલિકાનાં શાસકોની છે



અમરેલી, તા. ૨૫

અમરેલીએ જિલ્લાનું મુખ્ય મથક હોવાની સાથે રાજયને પ્રથમ મુખ્યમંત્રીની ભેટ આપનાર શહેર પણ છે અને ગત પાલિકાની ચૂંટણીમાં ખોબલે ખોબલે મત આપીને ભાજપને પાલિકાનું સત્તાનું સુકાન આપનાર પણ શહેર હોય શહેરમાં આજે જનસંખ્યાનો આંક દોઢ લાખને પણ વટાવી ચુકયો હોય તે સમયે શહેરને સુંદર અને રળિયામણું બનાવવાની જવાબદારી ભાજપનાં શાસકોની છે.

જિલ્લાનાં મુખ્ય મથકમાં આજે રખડતી ગૌમાતા, શહેરીજનોની શાંતિ હણનાર રખડુ શ્વાન, બેખૌફ ફરતા આખલાની સમસ્યા વિકરાળ બની હોય પાલિકાનાં શાસકોએ મહત્વની સમસ્યાનું નિરાકરણ કરવું જરૂરી છે.

શહેરમાં રખડતા શ્વાનની નસબંધી કરવી તેમજ રખડતી ગૌમાતા અને આખલાઓ માટે ગૌશાળા બનાવવી કે પશુપાલકોને વાડા બનાવવા માટે સરકારી પડતર જમીન ફાળવીને તમામ

અનુસંધાન પાના ૬ ઉપર

### ઓનલાઈન સાયબર ક્રાઈમમાં સતત વધારો

## રાજુલાનાં યુવકે ઘરબેઠા રૂપિયા કમાવવાની લાલચમાં ૨.૬૨ લાખ ગુમાવ્યા

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં રોજબરોજ ઓનલાઈન સાયબર ક્રાઈમના બનાવો બનતાં જાય છે. પોલીસ સાયબર ક્રાઈમ અવરનેશ કાર્યક્રમ આપે છે પરંતુ ફ્રોડ કરનાર છેતરપીંડી કરવા માટેના નવા પ્રયોગ અજમાવે છે. ત્યારે રાજુલામાં ઘરબેઠા રૂપિયા કમાવવાની લાલચ આપી એક યુવક સાથે રૂપિયા ૨,૬૨,૫૦૦ ટ્રાન્સફર કરાવી લઈ

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
કિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૭
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
કિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨




### આગામી શુક્રવારે દિલીપ સંઘાણી ટાઉન હોલ ખાતે

## અમરેલી જિલ્લાની બેન્કોમાં દાવા વગરની કરોડોની રકમ માલિકોને પરત આપવા કેમ્પનું આયોજન

### બેન્કનાં અધિકારીઓ ગ્રાહકોને માહિતી અને માર્ગદર્શન પુરૂ પાડશે

અમરેલી, તા. ૨૫

અમરેલી સહિત દેશભરની બેંકમાં પડેલ અનકલેમ્ડ રકમ એટલે દાવા વગરનાં પૈસા લોકોને પરત આપવા માટે સરકારે અભિયાન શરૂ કર્યું છે. કેન્દ્રીય નાણાં મંત્રાલયની સૂચનાથી 'તમારી મુડી તમારો અધિકાર' અંતગર્ત અમરેલી જિલ્લા સ્તરીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બેંકો દ્વારા ગ્રાહકોની તેમની અનકલેમ્ડ રકમ મેળવવા માટે મદદ કરાશે.

બેંક એકાઉન્ટમાં નિયમિત ટ્રાન્ઝેકશન કરવું જરૂરી છે. દેશભરમાં અંદાજે ૧.૮૪ લાખ કરોડ જેટલી માતબર રકમ દાવા વગરની પડી છે. અમરેલી જિલ્લામાં પણ વિવિધ બેંકોના ખાતાઓમાં કરોડો રૂપિયાની રકમ બિરદાવાપાત્ર સ્થિતિમાં છે. નિયમોનુસાર જો કોઈ બેંક

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,13,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૫/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ભારતીય संविधान दिन
निमित्त सर्व नागरिकांना मंगलमय शुभेच्छा..!
૨૬ નવેમ્બર બંધારણ દિવસની શુભેચ્છાઓ..
ભારતીય રાજનીતિ વ્યસ્થામાં સર્વોચ્ચ સ્થાને રહેલ ભારતનું બંધારણ તૈયાર થયાનો દિવસ એટલે બંધારણ દિવસ (૨૬ નવેમ્બર-૧૯૪૯ ના દિવસે બંધારણ તૈયાર થયાની યાદમાં)
બંધારણ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ..



શ્રી મધુભાઈ ચાવડા
(પૂર્વ નગરસેવક)
ઉપપ્રમુખશ્રી
જિલ્લા ભાજપ અનુ.જાતિ મોરચો
તેમજ ચાવડા પરિવાર-અમરેલી



*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)